ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા
CDO PRAKASH SAMIKSHA
FORTNIGHTLY

Since 1925...

સળંગ વર્ષ ૯૫મું

VOLUME : 22 • E ISSUE : 24 • PAGES : 32 • MUMBAI • DATE : 20TH JULY 2020 • YEARLY SUBSCRIPTION RS. 50/-

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

સર્વે વાચકોને રક્ષાબંધનના હાર્દિક અભિનંદન

હેત પ્રેમનો રૂડો અવસર રક્ષાબંધન, ભાઈ ભગીની ભેગા મળશે રક્ષાબંધન,
દોરો કાચો, સંબંધ સાચો ઈશ્વરનું વરદાન છે, ભાવ ભરેલા વંદન બેની આવ્યું રક્ષાબંધન.

તંત્રી સ્થાનેથી

સમસ્યાઓનો સામનો સ્વસ્થતાથી કરવો જરૂરી છે

– ડૉ. હિરાચંદ દંડ – 7738508150

હાલમાં ભારત અનેક સમસ્યાઓથી ઘેરાયેલું છે. અનેક પ્રશ્નોએ જાણે એક સાથે હુમલો કર્યો છે. આપણા પડોશી દેશો ચીન અને પાકિસ્તાન સરહદ ઉપર હુમલા કરી રહ્યા છે જેમાં આપણે અનેક સૈનિકો ગુમાવ્યા છે. નેપાલ પણ સરહદના પ્રશ્નો ઉઠાવી રહ્યું છે. કાશ્મીરમાં આંતકવાદીઓ હુમલા કરી રહ્યા છે જેમાં નિર્દોષ નાગરિકો તથા સુરક્ષાકર્મીઓના મોત થાય છે. આની સાથે સાથે સંપુર્ણ દેશ કોરોના મહામારી સામે લડી રહ્યું છે એથી આર્થિક વ્યવસ્થા પણ ધીમી પડી ગઈ છે. ભૂકંપના આંચકાઓ, તીડના આક્રમણો, ભૂસ્ખલન, વીજળી પડવી, પ્રેટ્રોલ-ડીઝલનો ભાવ વધારો, બેરોજગારીમાં વધારો, પગારમાં કપાત તથા આવકમાં ઘટાડો જેવી અનેક સમસ્યાઓનો આપણે સૌ સામનો કરી રહ્યા છીએ. વિદ્યાર્થીઓ પણ પરિક્ષાના તથા પરિણામોની અનિશ્ચિતતા તથા શૈક્ષણિક સંસ્થાઓના બંધના કારણે ભવિષ્ય વિશે ચિંતિત છે. સંરક્ષણ બજેટમાં વધારો, મુંબઈ, થાણા, ચેન્નઈ, બેંગલોર તથા અન્ય શહેરોમાં લોકડાઉનના કારણે સમસ્યાઓ છે. યુવાનો પણ કોરોનાના શિકાર બની રહ્યા છે. કોરોના હવે આતંક બની ગયું છે અને દરેક જણ એનાથી ભયભીત છે.

થોડા દિવસ અગાઉ મારા મિત્રનો મને ફોન આવ્યો અને ઉપરોક્ત બાબતો તેમણે મને વિગતવાર જણાવી. મેં તેમને તેમની તથા તેમના પરિવારજનોની તબિયત અંગે પુછ્યું તો તેમણે કહ્યું કે તેઓ બધા બરોબર છે. મેં આ અંગે વધુ જાણકારી મેળવવા વાર્તાલાપ આગળ વધારતા જાણવા મળ્યું કે તેઓ દરરોજ ચાર કલાક ટીવી જુએ છે. બે કલાક વોટ્સઅપ પર કામ કરે છે. મેં તેમને કહ્યું કે તમે ન્યુઝ ચેનલ જોવાની બંધ કરો. મનોરંજન અને માહિતીની ચેનલ્સ જુઓ અને વોટ્સએપ ચેટ બંધ કરી દો. ત્રણ-ચાર દિવસ પછી તેમનો ફરીથી ફોન આવ્યો અને તેમણે જણાવ્યું કે હું હવે ન્યુઝ ચેનલ નથી જોતો અને વોટ્સએપ બંધ કરી દીધું છે અને હું ખૂબજ રાહત અનુભવી રહ્યો છું.

પ્રિય વાચક મિત્રો, આપણે સૌએ આ પરિસ્થિતિમાંથી પસાર થવું જ પડશે. મિડીયાનો વધુ ઉપયોગ ટાળવા મારી વિનંતી છે. સમાચાર માધ્યમો એક જ વાત વારંવાર બતાવતા રહે છે જેથી આપણે સરળતાથી તે વાતો માની લઈએ છીએ. અત્યારે બધા ધંધા ઠપ પડ્યા છે ત્યારે ટી.વી. ચેનલો જાહેરાતો મેળવી મોટી કમાણી કરી રહી છે. તેવી જ રીતે વોટ્સએપ ઉપર હજારો ગુરૂઓ હાજર જ છે જે તમને બધાજ વિષયોનું અવિરત જ્ઞાન આપી રહ્યા છે. અન્ય અત્યંત દુઃખદ બાબત છે કે તેઓ સંદેશ કે વીડીયો અડધા પણ જોયા વિના બધાને ફોરવર્ડ કરી રહ્યા છે.

આવા આક્રમણોથી પ્રભાવિત થઈ આશા અને વિશ્વાસ ન ગુમાવશો. સારો સમય બહુ જલ્દીથી પાછો આવશે. યુરોપમાં નાગરિકોએ મુસાફરી અને પ્રવાસ શરૂ કરી દીધા છે. બધીજ પરિસ્થિતિ થોડાક મહિનાઓમાં થાળે પડી જશે. હકારાત્મક વિચારો રાખી તમારી મનગમતી પ્રવૃત્તિઓ કરો જે આ અગાઉ સમયના અભાવે નહોતા કરી શકતા. આ જ સમય છે ગમતાનો ગુલાલ કરવાનો.

આપણે કચ્છ જઈને સ્થાયી થવા વિચારીએ પણ એ આ સમયે આવકારદાયક નહિં રહે. અત્યારે કોરોનાના કારણે પરિસ્થિતિ એવી છે કે કચ્છમાં તમારૂં ઘર હોય, ત્યાં જવા માટેની જરૂરી પરવાનગી હશે તો પણ કચ્છમાં પ્રવેશવું કઠિન થઈ પડશે. એટલે કોરોનાના કાળમાં કચ્છ તરફ પ્રયાણ કરતા પહેલા આવશ્યક માહિતી મેળવો જેથી મુશ્કેલીમાં ન મુકાવું પડે.

પ્રકાશ-સમીક્ષામાં છેલ્લાં બે-ત્રણ અંકોથી અંગ્રેજીમાં કેટલાક લેખો શરૂ કર્યા છે. જેમાં શ્રીમતી શિલ્પાબેન અજાણી ખૂબ જ સાદી અંગ્રેજી ભાષામાં જૈનીઝમ વિશે સમજણ આપે છે. તે ઉપરાંત વિદ્યાર્થીઓને માર્ગદર્શક બની રહે એવા લેખો પણ ગતાંકથી પ્રારંભ કર્યા છે. પ્રકાશ સમીક્ષાની ડીઝીટલ કોપી આપના પરિવારના યુવાનોને પહોંચતી કરવા વિનંતી છે.

પ્રકાશ સમીક્ષા નીકટના ભવિષ્યમાં મુદ્રિત સ્વરૂપે પ્રકાશિત કરીશું. આપ સૌ સુરક્ષિત રહો એવી શુભકામના.

આદ્યતંત્રીઓ

"પ્રકાશ"

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

"સમીક્ષા"

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

"પ્રકાશ સમીક્ષા"

સનત્ શાહ

: તંત્રી :

ડૉ. હિરાચંદ દામજી દંડ

: તંત્રી મંડળ :

કેશરસિંહ આણંદજી ખોના ઉદયન લાલજી લોડાયા

મુકેશ ભવાનજી લોડાયા

ટ્રસ્ટ રજી. નં : F - 69260

પ્રમુખ : ડૉ. હિરાચંદ દામજી દંડ

માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા

કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર

અન્ય ટ્રસ્ટીઓ

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

રાયચંદ રતનશી નાગડા પંકજ પ્રતાપ શાહ

શરદ કાંતિલાલ શાહ (નાગડા) શૈલેશ સનત્ શાહ

કેશરસિંહ આણંદજી ખોના જયંત વિશનજી છેડા

તિલકચંદ કુંવરજી લોડાયા મુકેશ ભવાનજી લોડાયા

: ઑડીટર્સ :

CA હિતેશ મણીકાંત ધરમશી

અંક નં. ૨૪

Date : 20-07-2020

: કાર્યાલય :

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

C/o. CHINTAN GRAPHICS

Dr. Babasaheb Ambedkar Chowk,
90ft Garage Lane, Opp. Shastri Nagar,
Pant Nagar, Ghatkopar (E),
Mumbai - 400075.
Tel.: 022-2508 4463 / 64 / 65
E-mail : kdoprakash@gmail.com

સમય : સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ ફક્ત
રવિવાર અને જાહેર રજાના બંધ

: જાહેરાત સંપર્ક :

મુકેશ ભવાનજી લોડાયા

022-2508 4463 / 2508 4464 / 2508 4465
Mob.: 98211 54326

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

કલર પાનાની જાહેરાત

પ્રકાર	સાઈઝ	કલર	GST 5%	ટોટલ
મુખપૃષ્ઠ	167 x 190 mm	11,000/-	550/-	11,550/-
આખું પાનું	167 x 233 mm	10,000/-	500/-	10,500/-
અડધું પાનું	167 x 114 mm	6,000/-	300/-	6,300/-
પા પાનું	82 x 114 mm	4,000/-	200/-	4200/-

બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત

પ્રકાર	સાઈઝ	B/W	GST 5%	ટોટલ
આખું પાનું	160 x 225 mm	6,000/-	300/-	6,300/-
અડધું પાનું	160 x 111 mm	3,500/-	175/-	3,675/-
પા પાનું	77 x 111 mm	2,000/-	100/-	2,100/-
૧/૮ પાનું	77 x 54 mm	1100/-	55/-	1155/-
૧/૧૬ પાનું	77 x 27 mm	600/-	30/-	630/-

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

'પ્રકાશ સમીક્ષા' આપને પોસ્ટ દ્વારા મોકલાતું રહે એમ ઈચ્છો છો?

તો નીચેનું ફોર્મ ભરીને ઈમેઈલ દ્વારા kdoprakash@gmail.com,
વોટ્સએપ નં. 9372300236 ઉપર અથવા કાર્યાલયના સરનામે મોકલી આપવા વિનંતી છે.

પ્રકાશ સમીક્ષા મેમ્બરશીપ નં. ______________________ વસ્તીપત્રક નં. ______________

નામ ____ વતનનું ગામ ______________

સરનામું ____

____

મોબાઈલ નં. ______________ ઈમેઈલ ______________ ફોન નં. ______________

To,

કાર્યાલય : C/o. મધુ એન્ટરટેઈન્મેન્ટ ઍન્ડ મિડીયા લી.
એ-૭૦૪, રેમી બિઝકોર્ટ,
વીરા દેસાઈ રોડની નજીક,
અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૩.

લી. શ્રી ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા સમિતિ

With Best Compliments from

BLUE MOON GROUP

REAL ESTATE CONSULTANTS | INVESTMENT CONSULTANTS | INTERIOR DESIGN | TAX ADVISORS | ACCOUNTING SERVICES

TILAK SHAH

PARSHWANATH
ENTERPRISE PVT. LTD.

99309 82061 / 91672 44022

tilakshah60@yahoo.co.in

Veeran Shah - 99304 75442

CONTACT FOR
Buying, Selling or on Leave & Licence of Flats, Shops, Bunglows, Plots etc. anywhere in Mumbai including Sion, Matunga, Wadala, Dadar, Mulund & Thane.

AVANI YASHWIN

HAPPY IN THE HEAD STUDIO
HAIR CUTS • COLOUR • STYLING • MAKE UP

98196 22325

happyintheheadstudio@gmail.com

ADDRESS
Shop No. 1, B Wing, Mangal Kunj Bldg., Junction of 32 and 36 Road, National College Lane, Off Linking Road, Bandra (W), Mumbai - 400 050

ધ્વજા લહેર લહેર લહેરાય ...

માનવભવ.... જિનશાસન પામીને શ્રાવક-શ્રાવિકાઓ વિવિધ પ્રકારના મનોરથ સેવે છે... જયવંતા જિનશાસનમાં સુંદર શાસન પ્રભાવનાના કાર્યો કરીને લક્ષ્મીને સફળ બનાવે છે. શાસનના સુંદર કાર્યોમાં વિવિધ પ્રકારના લાભ લઈને પુણ્યાનુબંધી પુણ્યનો સંચય કરે છે. એવા જ મહા મનોરથ જાગ્યા છે.

શ્રી ગુણોદય-જય-મુક્તિ આશિષે
'શ્રી જય આદિનાથ પરિવાર'ને.

ખરેખર તો વિશ્વના તમામે તમામ જિનાલયોની ધ્વજાનો લાભ લેવા જેવો છે. પરંતુ સમય-સંજોગો અને વ્યવસ્થાને લક્ષમાં રાખી **શ્રી કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના જેટલા પણ જિનાલયો-ગૃહો ચૈત્યો** છે એમની મૂળનાયક ભગવાનની ધ્વજા બનાવીને શ્રી સંઘને અર્પણ કરવાની ભાવના છે.

આપશ્રીના જિનાલયની ધ્વજાની તિથિ... ધ્વજાનું માપ તથા મૂળનાયક અરિહંત કે સિદ્ધ પ્રતિમાજી છે તે જણાવી લાભ આપવા કૃપા કરશોજી. મોડામાં મોડા **૧૦ ઑગસ્ટ** સુધી નીચેની માહિતી નીચે આપેલા નંબર ઉપર વોટ્સઅપ કરવા નમ્ર વિનંતિ.

શ્રી સંઘનું નામ તથા ગામ ....

ધ્વજાની તિથિ ....

મૂળનાયક પ્રતિમા અરિહંત કે સિદ્ધ (પરિકરવાળા કે પરિકર વિનાના) ....

મૂળનાયક ધ્વજાનું માપ ....

સંપર્ક સૂત્ર

જિનાલી નયનભાઈ વિકમશી
મો. ૯૮૬૯૮ ૨૨૬૬૦

દિપ્તીબેન શાહ
મો. ૭૦૨૧૬ ૫૪૯૨૬



લી. શ્રી જય આદિનાથ પરિવાર



શ્રધ્ધાંજલિ... પુષ્પાંજલિ... આદરાંજલિ...



શ્રીમાન પ્રવીણભાઇ નરશી જેઠાભાઇ દંડ

કચ્છ વરાડીયા - હાલ : મલકાપુર

આપશ્રી પરમાત્માના ભકત હતા...
સાધુ-સાધ્વીજી ભગવંતના વિનયવંત સેવક હતા...
સાધર્મિકોના સાચા મિત્ર હતા...
જીવમાત્ર પ્રત્યે દયા... કરૂણા ધારક હતા...

સામાજીક એવં ધાર્મિક કાર્યોમાં સદૈવ અગ્રેસર હતા.
શ્રી પાર્શ્વ - જય ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ હતા.
આપના માર્ગદર્શન હેઠળ આપણે ઘણા પ્રગતિના સોપાન પાર કર્યા.
આપની વિદાયથી શાસન અને સમાજને ન પુરાય એવી ખોટ પડી છે.
આપના આત્માને સત્વરે પરમ ગતિ અને પરમશાંતિ મળો
એજ પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

લી. **શ્રી પાર્શ્વ - જય ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી ગણ**

ટ્રસ્ટ એક્ટ

ટ્રસ્ટને લગતા મુખ્ય કાયદાઓ તથા તેનું પાલન

સી.એ. પદમકુમાર ઠાકરશી પોલડિયા

ડુમરા (ઘાટકોપર)

મોબાઈલ : ૯૮૨૦૪ ૧૩૧૪૧ ઈમેલ : ptpoladia@gmail.com

સી.એ. કમલેશ વિકમશી દ્વારા વેબનારમાં અપાયેલ માહિતીનું સંકલન

ક.દ.ઓ. ચાર્ટડ એકાઉન્ટન્ટ આયોજીત વેબનારમાં C.A. કમલેશ શીવજી વીકમશી દ્વારા રજુ થયેલ વિચારોનું ગુજરાતી ભાષામાં અહીં સંકલન કરેલ છે. તેમણે નીચેનાં વિષયો પર ચર્ચા કરી હતી.

૧) ટ્રસ્ટનાં શાસન અને વહીવટ

૨) ટ્રસ્ટ ડીડનાં મુખ્ય મુદ્દાઓ

૩) મહારાષ્ટ્ર ચેરીટેબલનાં કાયદાઓનું પાલન

૪) ઈન્કમટેક્સનાં કાયદા તથા પાલન

૫) ઈન્કમટેક્સ એસેસમેન્ટમાં મુખ્ય મુદ્દાઓ

૬) ટ્રસ્ટને G.S.T. ને લગતા કાયદા

૭) કોર્પોરેટ્સ સોસયલ રીસપોન્સીબીલીટી (CSR) નાં કાયદા

૮) ફોરેન કોન્ટ્રીબ્યુસન (રેગ્યુલેશન) એક્ટ, ૨૦૧૦ની જોગવાઈઓ તથા તેનું પાલન.

આપણે એક પછી એક મુદ્દાની ટુંકમાં ચર્ચા કરીશું.

૧. ચેરીટેબલ તથા ધાર્મિક ટ્રસ્ટો ભારતનાં બંધારણમાં કંકરંટ લીસ્ટમાં આવેલ છે અને તેથી તેઓને સેન્ટ્રલ તથા સ્ટેટ બન્નેનાં કાયદા લાગુ પડે છે.

૨. ચેરીટેબલ ટ્રસ્ટો મુખ્યત્વે ત્રણ કાયદા હેઠળ રજીસ્ટર થાય છે.

૧) પબ્લીક ટ્રસ્ટ જેમાં ઈન્ડીયન ટ્રસ્ટ એક્ટ, ૧૮૮૨ તથા રાજ્યનાં પબ્લીક ટ્રસ્ટનાં હેઠળ જેવા કે મહારાષ્ટ્ર પબ્લીક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦.

૨) સોસાયટી એક્ટ જેવા કે સોસાયટી રેગ્યુલેશન એક્ટ, ૧૮૬૦.

૩) સેક્શન ૨૫ હેઠળ કંપનીશ એક્ટ, ૧૯૫૬ અથવા સેક્શન ૮ હેઠળ કંપનીશ એક્ટ, ૨૦૧૩.

૪) ઈન્કમટેક્સ એક્ટ, ૧૯૬૧માં પણ તેનું અલગથી રજીસ્ટ્રેશન કરાવવું પડે છે.

૩. ટ્રસ્ટ ફોર્મ કરવા જરૂરી અંગો

૧) ટ્રસ્ટમાં ઓથર/સેટલર હોવો જોઈએ.

૨) ઓથર/સેટલરને ટ્રસ્ટ ફોર્મ કરવાનો ચોખ્ખો ઈરાદો હોવો જરૂરી.

૩) ટ્રસ્ટનાં હેતુઓ

૪. ટ્રસ્ટીની ડ્યુટીઓ, પાવર તથા પ્રતિબંધો

૧) ટ્રસ્ટ ડીડ પ્રમાણે ટ્રસ્ટનું સંચાલન કરવું અને ફંડસ તથા મિલકતોની જાળવણી કરવી.

૨) ટ્રસ્ટીઓનાં પાવરનો સમજદારીથી અને ટ્રસ્ટને ફાયદાકારક થાય તે રીતે પાલન કરવું.

૩) ટ્રસ્ટ ડીડની જોગવાઈ મુજબ મીટીંગો બોલાવવી.

૪) ટ્રસ્ટીઓ ચેરીટી કમીશ્નરની મંજુરી વગર લોનો લઈ શકતા નથી.

૫) ટ્રસ્ટીઓ ટ્રસ્ટની મિલકતો સામે પોતાના અંગત ઉપયોગ માટે પણ લોનો ન લઈ શકે.

૬) ટ્રસ્ટીઓ સ્થાવર મિલકતો જેવીકે જમીન, બીલ્ડીંગો વગેરે ચેરીટી કમીશ્નરની મંજૂરી વગર તેને વેચાણ, અદલાબદલી, ગીફ્ટ અથવા લીસ પર આંપી શકતા નથી.

૫. ટ્રસ્ટ ડીડ/બાયલોસમાં મુખ્ય મુદ્દાઓ

૧) ટ્રસ્ટી/ગવરનીંગ કાઉન્સીલનાં પાવરો (મુખ્યત્વે લોનો લેવાનો પાવર, સ્થાવર મીલકત ખરીદી/વેચાણનાં પાવર તથા ફંડ રોકાણોનાં પાવર)

૨) ટ્રસ્ટનો સામાન્ય વહીવટ જેવાકે એકાઉન્ટસ, ઓડિટ, રેકોર્ડસની જાળવણી, બેંક એકાઉન્ટનું ઓપરેશન, ચેરીટી કમીશ્નરનાં તથા ઈન્કમટેક્સનાં કાયદાઓનું પાલન કરવું.

૩) આવકનાં શ્રોતો જેવાકે ડોનેશન તથા ગ્રાંટસ

૪) ફંડનાં રોકાણો

૫) ટ્રસ્ટનાં ફંડોની વાપરવાની જોગવાઈઓ

૬) બીજા ટ્રસ્ટ સાથે જોડાણ કરવાની જોગવાઈઓ

૭) ટ્રસ્ટનાં ફંડોને અમુક ઠેકાણ ન વાપરવાની

જોગવાઈઓ

૮) અમુક ક્ષતિઓ સામે ટ્રસ્ટીઓનું રક્ષણ

૯) ટ્રસ્ટનું વિર્સજન તથા બચેલા ફંડો વાપરવાની જોગવાઈઓ

૧૦) વિવાદ નિરાકરણની જોગવાઈઓ

૧૧) બંધારણ / ટ્રસ્ટ ડીડમાં સમયાનુસાર સુધારા કરવાની જોગવાઈઓ

૬. મહારાષ્ટ્ર પબ્લીક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦ની જોગવાઈઓ

૧) કલમ ૩૧એ અનુસાર ટ્રસ્ટે દર વર્ષે જો તેની આવક રૂા. ૫,૦૦૦ થી વધારે હોય (રીલીજીયસ ટ્રસ્ટ હોય તો) અન્ય કિસ્સાઓમાં જો ટ્રસ્ટની આવક રૂા. ૧૦,૦૦૦/- થી વધારે હોય તો બજેટ ફાઈલ કરવું જરૂરી છે.

૨) બજેટ શેડ્યુલ VII-A રૂલ 16A મુજબ બનાવવું જરૂરી.

૩) બજેટમાં આવતા વર્ષ માટેની અંદાજીત આવક તથા જાવક બતાવવાની હોય છે.

૪) બજેટ નવા વર્ષનાં શરૂઆતનાં ૧ મહિના પહેલા ફાઈલ કરવું જરૂરી છે.

૫) ટ્રસ્ટનાં બેલેન્સ સીટ, આવક-જાવક ખાતું તથા જે આવક ચેરીટી કોન્ટ્રીબ્યુશનને જવાબદાર છે તેનું સ્ટેટમેન્ટ શેડ્યુલ VIII, IX તથા IX-C માં ક્રમાનુસાર બનાવવું પડે છે.

૬) દરેક ટ્રસ્ટનું એકાઊટીંગ વર્ષ એપ્રીલ-માર્ચ મુજબ રાખવું જરૂરી.

૭) એકાઉન્ટસનું ઑડિટ ૬ મહિનામાં કરાવવું જરૂરી છે.

૮) ચાર્ટડ એકાઉન્ટસ ઈસ્ટીટ્યુટ દ્વારા જાહેર કરવામાં આવેલ ''એકાઉન્ટીંગ સ્ટાંડર્ડ (AS)'' નોન-પ્રોફીટ ઑર્ગનાઈઝનને લાગુ પડતા નથી પણ જો તે બીઝનેસ, ઈન્ડસ્ટ્રીયલ તથા કર્મશીયલ એક્ટીવીટી કરતો હોય તો તેને લાગુ પડશે.

૯) ટ્રસ્ટનાં એકાઉન્ટસનું ઑડિટ ચાર્ટડ એકાઉન્ટસ દ્વારા કરાવવું જરૂરી.

૧૦) ટ્રસ્ટનાં એકાઉન્ટસ ઑનલાઈન સબમીટ કરવાનાં રહેશે જેની ઑનલાઈન સ્વીકૃતી મળતાં તેના પર ટ્રસ્ટીઓ તથા ઓડિટરે સહી કરી ૩૦ દિવસમાં ચેરીટી કમિશ્નરની ઑફિસમાં આપવાનાં રહેશે.

૧૧) ઑડીટર સર્ટીફાઈડ ઈન્કમ રીર્ટન શેડ્યુલ IX-D માં સબમીટ કરવાનું રહેશે.

૧૨) ટ્રસ્ટીઓએ ટ્રસ્ટમાં થયેલ દરેક ફેરફારો (દા. ત. ટ્રસ્ટીની નિમણુંક, રાજીનામું, વગેરે) ૯૦ દિવસમાં શેડ્યુલ III-A રૂલ ૧૩ મુજબ ચેરીટી કમીશ્નરમાં ઑનલાઈન ફાઈલ કરવાનાં રહેશે.

૧૩) રૂલ ૧૩-એ મુજબ નીચેનાં ડોક્યુમેન્ટ શેડ્યુલ-III સાથે ફાઈલ કરવા જરૂરી છે.

(૧) ફેરફારોનાં મીટીંગની એજન્ડાની કોપી

(૨) રીઝેલીયુશનની કોપી

(૩) જો નવા નીમાયેલ ટ્રસ્ટી હોય તો તેમનો કન્સેંટ લેટર

(૪) જો ટ્રસ્ટી આઊટગોઈંગ હોય તો તેની એફીડેવટ

(૫) ટ્રસ્ટ ડીડની કોપી

૧૪) ટ્રસ્ટનાં ફંડોનું રોકાણ માટે

(૧) મહારાષ્ટ્ર પબ્લીક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦ તથા ઈન્કમટેક્સ એક્ટ, ૧૯૬૧ અનુસાર અલગ અલગ છે. ટ્રસ્ટીઓએ બન્નેમાં જે સરખા રોકાણનાં સ્ત્રોતો છે ત્યાં કરવાથી બન્ને કાયદાની જોગવાઈઓનું પાલન થશે.

(૨) મહારાષ્ટ્ર પબ્લીક ટ્રસ્ટ એક્ટ, ૧૮૫૦ અનુસાર ટ્રસ્ટ પોતાની ડીપોઝીટ કોઈપણ શેડ્યુલ બેંક, પોસ્ટ સેવીંગ બેંક અથવા કો-ઑપરેટીવ બેંકમાં કરી શકે છે. તે ઊપરાંત તે ગવરમેન્ટ સીક્યુરીટીમાં અમુક નિયમોને આધીન કરી શકે છે. તેના સિવાય ટ્રસ્ટ સ્થાવર મિલકતમાં પણ ઈન્વેસ્ટમેન્ટ કરી શકે છે. ડીપોઝીટ પર મળેલ વ્યાજ અથવા ડીવીડન્ડ પણ ઊપર જણાવેલ બાબતોમાં કરી શકે છે.

(૩) જો ટ્રસ્ટીઓ ઈન્મકટેક્સ એક્ટ, ૧૯૬૧ કાયદા મુજબ ઈન્વેસ્ટમેન્ટ કરે

છે અને જે મહારાષ્ટ્ર પબ્લીક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦ માં આવતું નથી તો ઈન્વેસ્ટમેન્ટ કરતા પહેલાં ચેરીટી કમીશનરની મંજુરી લેવી જરૂરી છે.

૧૫) સ્થાયી તથા અસ્થાયી મિલકતોની જોગવાઈઓ

(૧) ચેરીટી કમીશનરની મંજુરી વગર ટ્રસ્ટ સતાવાર મિલકતો ખરીદી, વેચાંણ, લીઝ, ભાડેથી આપવી વગેરે કરી શકતા નથી.

(૨) પબ્લીક ટ્રસ્ટે દરેક મીલકતોનું રજીસ્ટર શેડ્યુલ X-AA મુજબ કરવું જરૂરી છે.

(૩) ટ્રસ્ટમાં જો સોના, ચાંદી, જ્વેલરી સ્ટોન વગેરેનાં દાગીનાં અથવા વાસણો હોય તો તે માટે એક રજીસ્ટમાં નોંધ રાખવી જેમાં તેનું વર્ણન, વજન તથા અંદાજીત કિંમત વગેરે નોંધ રાખવી જરૂરી છે.

(૪) જો ટ્રસ્ટને ઑડિટ લાગુ ન પડતું હોય તો ઉપરનાં રજીસ્ટરની કોપી ચેરીટી કમીશનરની ઑફિસમાં ફાઈલ કરવી જરૂરી છે.

(૫) ટ્રસ્ટીઓએ આ રજીસ્ટર દરેક વધારો, સુધારો તથા ઘટાડાની નોંધો ત્રણ મહિનાની અંદર તપાસી સહી કરવી જરૂરી છે.

૭. ટ્રસ્ટને GST ને લગતા કાયદા

૧) ચેરીટેબલ ટ્રસ્ટમાં જ્યાં ફક્ત ચેરીટેબલ, શૈક્ષણિક, ધાર્મિક અને હેલ્થકેર સર્વીસ છે ત્યાં અમુક શરતોને લાગીને માફી છે બાકી દરેક પ્રવૃતિમાં GSTલાગે છે.

૨) GST માં વેપારીને જેમ ઉપરની માફીઓ છોડીને રજીસ્ટ્રેશન, રીર્ટન GST ઓડિટ વગેરે કરાવવું જરૂરી છે.

૩) આપણને સવાલ થાય કે જે ટ્રસ્ટમાં આપણે જે ચીજોની ખરીદી અથવા સેવાઓ લઈએ છીએ તેમાં કોઈ માફી છે. તો એ સમજવું જરૂરી છે કે GST માં એવી કોઈ બલેકેટ માફી નથી.

૮. કોરપોરેટ સોશ્યલ રીસપોનસીબીલીટી (CSR) ના કાયદા અને ટ્રસ્ટને લગતી બાબતો.

જે પણ ટ્રસ્ટ કંપનીશ એક્ટ, ૨૦૧૩નાં શેડ્યુલ VII મુજબની પ્રવૃતિઓમાં કાર્ય કરે છે તો તેમને કંપની તરફથી આ CSR પ્રવૃતિઓ માટે ડોનેશન લેવાનો હક્ક છે. આમાં ઘણી એક્ટીવીટી કવર થતી હોવાથી ટ્રસ્ટીઓ જો કોઈ મોટી કંપની સાથે સંબંધ ધરાવતા હોય તો ટ્રસ્ટને ખુબજ મોટો ફંડ મેળવવા માટે લાભ થઈ શકે છે. આ પ્રવૃતિઓ ટુંકમાં નીચે મુજબની છે.

(૧) ગરીબી દૂર કરવી કે હેલ્થકેર તથા સેનીટેશન બાબતની પ્રવૃતિઓ

(૨) શૈક્ષણિક પ્રવૃતિઓ તથા ખાસ કાર્યો જેનાથી વોકેશનલ સ્કીલમાં વધારો થાય જેમાં ખાસ બાળકો, સ્ત્રીઓ તથા મોટી ઉમરનાં માણસો તથા અપંગ વ્યક્તિ હોય. તેમની આવક વધારવા લગતી દરેક પ્રવૃતિઓનો સમાવેશ થાય છે.

(૩) જેન્ડર ઈક્વાલીટી, વુમન એનપાવરમેંટ, સ્ત્રીઓ અને અનાથો માટે હૉસ્ટેલ અથવા ઘરોની સગવડ કરવી, ઘરડા ઘર સ્થાપવા, ડે કેર ફેસીલીટી અથવા અન્ય ફેસીલીટી જે સીનીયર સીટીજનો માટે હોય, સામાજીક અને આર્થિક બેકવર્ડ ગ્રુપના માણસોની અસમાનતા દૂર કરવી.

(૪) કુદરતને બેલેન્સ કરવાની પ્રવૃતિઓ જેવા કે ફ્લોરા ફાઉનાની જાળવણી, પ્રાણીઓની સંભાળ (પાંજરાપોળ), એગ્રો ફોરેસ્ટરી, માટી, પાણી, હવાની જાળવણી, ગવરમેન્ટની ક્લીન ગંગા મુવમેન્ટમાં દાન કરવું વગેરે વગેરે.

(૫) નેશનલ હેરીટેજની જાળવણી, આર્ટ તથા કલ્ચરની જાળવણી, ઐતિહાસિક સ્થળોની જાળવણી, પબ્લીક લાયબ્રેરી સ્થાપન, પરંપારિક ક્લાસોની જાળવણી, વગેરે.

(૬) આર્મડ ફોર્સનાં જવાનોના વેર્ટન, વિધવાઓ અને તેમના નિર્ભર કુટુંબ જનોની સંભાળ.

(૭) સ્પોર્ટને લગતી દરેક પ્રવૃતિઓ માટે ટ્રેનીંગ આપવી, ખાસ કરીને પેરાઓલમ્પિક અને ઓલમ્પિક સ્પોર્ટ, ગ્રામિણ સ્પોર્ટને પ્રોત્સાહન આપવું, વગેરે

(૮) સ્લમ એરીયા ડેવલપમેન્ટ

(૯) ડીસાસ્ટર મેનેજમેંટ જેવા કે કોરોનાં જેવા

રોગો માટે કાર્ય કરવા, વગેરે

૯. **ફોરેન કોન્ટ્રીબ્યુશન (રેગ્યુલેશન) એક્ટ ૨૦૧૦ની જોગવાઇઓ તથા તેમનું પાલન જે ટ્રસ્ટો વિદેશથી ડોનેશન મેળવતા હોય તેમનાં માટે આ કાયદો સમજવો ખૂબજ જરૂરી છે.**

૧) ''ફોરન કોન્ટ્રીબ્યુશન'' એટલે ડોનેશન ડીલેવરી અથાવ ટ્રાન્સફર જે ''ફોરેન સોર્સથી'' ડાયરેક્ટલી અથવા ઇન્ડાયેરકલી મળેલ હોય જેનાં કોઇ ચીજ વસ્તુ જેની કિમત રૂા. ૨૫૦૦૦/- થી વધારે હોય, કોઇપણ કરન્સી (ભારતીય અથવા વિદેશી બંન્ને) અથવા સેક્યુરીટી મળેલ હોય.

૨) ''ફોરેન સોર્સ'' એટલે

૧) કોઇપણ વિદેશ ગવરમેન્ટ કે તેની એજન્સી

૨) કોઇપણ ઇન્ટરનેશનલ એજન્સી સિવાય કે યુનાઇટેડ નેશન, અથવા વર્લ્ડ બેંક, ઇન્ટરનેશનલ મોનેટરી ફંડ અથવા સેન્ટ્રલ ગવરમેન્ટ નોટીફીકેલ થી જે જાહેર કરે તે

૩) ફોરેન કંપની

૪) મલ્ટી નેશનલ કોરપોરેશન

૫) કંપની જેમાં કોઇપણ ફોરેન ગવરમેન્ટનાં શેરમાં હિસ્સો હોય અથવા ફોરેન સીટીઝનનો હિસ્સો હોય

૬) કોઇપણ વિદેશી ટ્રેડ યુનીયન જે રજીસ્ટર્ડ અથવા અનરજીસ્ટર્ડ હોય

૭) કોઇપણ ફોરેન ફાઉન્ડેશન અથવા ટ્રસ્ટ અથવા ફાઉન્ડેશન જેનું ફાઇનાન્સ ફોરેન દ્વારા થતું હોય

૮) સોસાયટી, કલ્બ અથવા એસોશિયેશન જે ભારતની બહાર રજીસ્ટર થયેલ હોય

૯) વિદેશી નાગરીક

નોંધ : ઉપરનાં જણાવેલ પોઇન્ટ નંબર ૨ માં જે કોઇ એજન્સીઓ આવેલ છે તેમનાં નામો fcra.nic.in ઉપર મળશે.

૩) આમાં ખાસ નીચેનાં મુદાઓ જો ડોનેશન મળે તો ખ્યાલ રાખવા જેવા છે.

૧) જો ડોનેશન સીટીજન ઑફ ઇન્ડિયા તરફથી મળેલ હોય જે વિદેશમાં રહેતો હોય તો ફોરેન સોર્સ નથી ગણાતું એટલે કે જો કોઇ NRI હોય પણ ભારતીય પાસપોર્ટ ધરાવે છે તો તેનાં તરફથી મળેલ ડોનેશન ફોરેન સોર્સ ગણાતું નથી.

૨) પરંન્તુ આજ ડોનેશન કોઇપણ ભારતીય જેણે વિદેશી નાગરીકતા સ્વીકારી છે અથવા પર્સન ઑફ ઇન્ડીયન ઓરીજીન છે અથવા ઓવરસીસ સીટીઝન ઓફ ઇન્ડીયા કાર્ડ હોલ્ડર છે તો તેના તરફથી ભલે રૂપિયામાં ડોનેશન મળેલ હશે તો પણ ફોરેન સોર્સ ગણાશે.

૪) ફોરેન કોન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન રૂલ્સ, ૨૦૧૧ પ્રમાણે નીચેનાં અંગ્રેજીમાં આપેલ ટેબલ પ્રમાણે પાલન કરવાનું રહેશે.

COMPLIANCES UNDER FCRR, 2011 ...

SECTION / RULE	PARTICULARS	REMARKS
Rule 9(1) (a)	**Application for Registration for acceptance of FC** An application for registration, or an application for obtaining prior permission by a person under Rule 11, for acceptance of FC, shall be made electronically online in Form FC-3A, and an application for FCRA prior permission shall be made in Form FC-3B.	
S.8 & R.5	**Restriction to utilize FC for administrative purpose** Expenditure on administrative purpose during the year out of FC received exceeding 50% of such contribution require prior approval of the Central Government.	List of Administrative expenses as per Rule 5 of FCRR 2011
S.17	**Foreign Contribution through scheduled bank** Every person who has been granted a certificate or given prior permission shall receive FC in a single account only through such one of the branches of a bank as he may specify in his application for grant of certificate.	1. No funds other than FC shall be received or deposited in such bank account 2. Utilisation/payment also has to be made from such bank account for the purpose of object of receipt of FC
R. 12 (2)	**Application for Renewal of FCRA Registration shall be made online in Form FC-3C**	6 months before the expiry of validity of FCRA Registration certificate.

COMPLIANCES UNDER FCRR, 2011 ...

SECTION / RULE	PARTICULARS	REMARKS
R.13	**Annual and Quarterly updating of FC records on website** (1) To place on website audited statement of accounts on receipts and utilisation of the FC, including income and expenditure statement, receipt and payment account and balance sheet for every financial year beginning on 1st April within 9 months of the closure of FY *(submit a signed or digitally signed report electronically online in **Form FC-4** with scanned copies of above)* (2) To place on website on quarterly basis, the details of FC received within 15 days from the end of quarter clearly indicating the details of donors, amount received and date of receipt, irrespective of the quantum of FC received by the institution. *In case Trust is not maintaining a website, then it has to file Quarterly return on FCRA portal*	(1) Due date: For annual records - on or before December 31 following the end of the year (2) Due date : For quarterly records -15 days from the end of quarter. July 15 (for June Qtr.), October 15 (for Sept. Qtr.) January 15 (for Dec. Qtr.) April 15 (for March Qtr.)
R.17A	A person who has been granted a certificate of registration or prior permission u/s. 11 of FCRA shall intimate electronically online within 15 days, of any change in the following: **Designated bank account, name, address, aims, objectives or Key members of the association** Following respective forms are required to filed based on the nature of change: • Form 6A: Change of name and/ or address within the State of the Association • Form 6B: Change of nature, aims and objects and registration with local/relevant authorities • Form 6C: Change of designated bank/ branch/ bank account number of designated FC receipt-cum-utilisation bank account • Form 6D: Opening of additional FC-utilisation Bank Account for the purpose of utilisation of FC • Form 6E: Change in original Key members of the association	Due date: within 15 days of such change

PENALTY ON NON-COMPLIANCE OF FCRA 2010 & FCRR 2011 ...

Huge penalties in respect of non-compliance with filing Annual Return in Form No.FC-4, Receipts, Deposit and Utilization of FC in Bank Account other than foreign currency designated bank account are prescribed (vide notification no. S.O.2291(E) dated 5-June-2018 issued by the Ministry of Home Affairs):

SN	NATURE OF NON-COMPLIANCE/OFFENCE	AMOUNT OF PENALTY
1	**Receipt of FC:** Receiving FC in any account other than specified account in his application for grant of certificate	Higher of Rs. 1 Lac or 5% of FC received in such account
2	**Receipt other than FC:** Receiving and depositing any fund other than FC in the account or accounts opened for receiving FC or for utilizing the FC	Higher of Rs. 1 Lac or 2% of such deposit
3	**Delay in filing Form No. FC-4 (Annual Return)** Non-furnishing of intimation of amount of each FC received & source and manner in which such FC is received as required u/s. 18 of FCRA (i.e., after 31st December every year)	Higher of Rs.1 Lac or 5% of FC received during the period of non-submission
4	**Transferring of any FC:** For transferring any FC to any other person in contravention of S.7 of FCRA, i.e., Transferring FC to any other person unless such other person is also registered & has been granted a certificate or obtained permission to received FC under FCRA	Higher of Rs. 1 Lac or 10% of such transferred FC

SN	NATURE OF NON-COMPLIANCE/OFFENCE	AMOUNT OF PENALTY
5	**Administrative Expenses** For defraying of FC beyond 50% of the contribution received for Administrative Expenses in contravention of section 8 of the Act.	Higher of Rs.1 Lac or 5% of such FC so defrayed beyond the permissible limit
6	Non-maintenance of accounts and records of FC received and manner of its utilization	Higher of Rs. 1 Lac or 5% of the FC received during the relevant period of non-maintenance of accounts

Note: The amount of penalty in respect of any offence shall not be more than the value of the FC involved.

In view of huge amount of penalty involved for the nature of non-compliance as tabulated above, kindly take due care to comply with FCRA 2010 and FCRR 2011 framed thereunder to avoid the penal action.

નોંધ : ટ્રસ્ટને ઈન્કમટેક્સને લગતા કાયદાઓ ભાગ ૨માં આગલા અંકોમાં પ્રગટ કરવામાં આવશે જે માટે પ્રકાશ સમીક્ષાના આગલા અંકો જોતા રહેવા વિનંતી.

સમય પ્રવાહ

કોરોના ટોર્ચના પ્રકાશમાં રાષ્ટ્રની સામાજિક, આર્થિક અને સ્વાસ્થ્ય વ્યવસ્થા : ભાગ-૨ : અર્વાચીન ભારત

– પ્રવિણચંદ્ર શામજી ધરમશી (શાહ) કોઠારા-સુરત

મો. 9978903247

હાલમાં જ પહેલી મેના દિવસે આંતરરાષ્ટ્રીય મઝદૂર દિવસ ગયો, જેની કોરોના મહામારીના કારણે ભાગ્યે જ કોઈ રાજકીય નેતાએ નોંધ લીધી, અને લગભગ આ જ હાલત ભારતના આંતરરાજ્ય શ્રમિકોની હતી. પણ આંતરરાજ્ય શ્રમિકોના સામુહિક સ્થળાંતર કે વતન ગમનના કારણે અને તેને કારણે ઉદ્‌ભવેલી પરિસ્થિતિ અને કરૂણાંતિકાઓના કારણે સામાજિક દબાવ કે દબાણ જેવી સ્થિતિનું નિર્માણ થયું; જેના કારણે સરકારની મોડી મોડી પણ ઊંઘ ઉડી, અને 'શ્રમિક સ્પેસીઅલ ટ્રેનો' ચાલુ કરી અને બસ વગેરેની વ્યવસ્થા પણ કરી. કોરોના મહામારીના પ્રકોપ સામે બચાવ અને સારવારના યુદ્ધ માટે સરકારના લગભગ યશસ્વી પગલાંઓની સામે આ આંતરરાજ્ય શ્રમિકોની યાતના, દુર્ઘટનાઓ, તકલીફ અને કષ્ટની ઘણા મોટા પ્રમાણમાં બનેલી ઘટનાઓએ બહુજ મોટી નકારાત્મક છાપ ઉભી કરી.

આ બધા શ્રમિકો માત્ર કારખાનામાં કામ કરતા કારીગરો નથી; પણ જેને અંગ્રજીમાં કહેવાય છે 'સેલ્ફ એમ્પ્લોયડ' એવા લારી કે રેંકડી (હિન્દીમાં રેવડી) ચલાવતા લોકો પણ છે, જેને સમગ્ર ભારતમાં 'ભૈયા' કે 'ભૈયાજી' ના નામથી ઓળખાય છે. આ શ્રમિકોમાં કેટલાક લોકો એવા પ્રકારના કામો કરી રહ્યા હતા કે જેના પ્રત્યે સભ્ય સમાજને સૂગ છે, એવા 'બ્લુ કોલર' પ્રકારના કામો કરનારા છે. અને સામ્યવાદી વિચારધારા પ્રમાણે આ લોકો havenots શ્રેણીમાં કે સમાજના છેવાડાના કે નીચલા સ્તરના લોકો ગણાય છે; પણ તેમની ગેરહાજરીએ એમનું અને એમના કામનું મહત્વ અને ઉપયોગીતા સમજાવી દીધી. સરકાર અને અન્ય લગતા વળગતાઓને સમજાયું કે આ વિસ્થાપિત શ્રમિકો દેશની અર્થ વ્યવસ્થા અને સામાજિક વ્યવસ્થા માટે કેટલા મહત્વના છે. હવે જયારે લોક ડાઉનના નિયમો હળવા બનાવવામાં આવી રહ્યા છે ત્યારે આ શ્રમિકોની ગેરહાજરી કારખાના, ખેતી અને મકાન બાંધકામના કામોને પુનઃ ચાલુ કરવાની પ્રક્રિયામાં બહુ જ મોટી અડચણ સાબિત થઇ રહી છે.

એક સમય એવો હતો કે જ્યારે આવા શ્રમિકો કે આંતર રાજ્ય શ્રમિકોને કેટલાક રાજ્યોમાં સ્થાનિક લોકોને રોજગાર મળે તેના માટે હાંકી કાઢવાની ચળવળ પણ થઇ હતી. એ તો જગજાહેર બાબત છે કે મોટા ભાગના આવા વિસ્થાપિત્ત શ્રમિકો બિહાર, ઉત્તર પ્રદેશ, ઓડિસા અને પશ્ચિમ બંગાળમાંથી આવેલ છે. કોઈ કોઈ રાજ્યોમાં તો આવા વિસ્થાપિત્ત શ્રમિકો ખાસ કરીને બિહારી શ્રમિકો માટે તિરસ્કાર રૂપે 'એક બિહારી, સો બીમારી' એવા શબ્દ પ્રયોગ પણ થયા હતા. પણ જયારે ઉદ્યોગ ધંધા અને બાંધકામના અટકેલા કામોને ચાલુ કરવા અને અર્થ વ્યવસ્થાની ગાડીને પાટા પર ચડાવવા માટે તેમની જરૂર પડી; તો કેટલાક રાજ્યોના મુખ્ય મંત્રીઓએ બિહારના મુખ્યમંત્રી શ્રી નીતીશકુમાર સાથે ફોન પર વાત કરીને આવા શ્રમિકો કે મઝદૂરોને પાછા મોકલવા માટે વિનંતી પણ કરી. જેમને પોતાના વતન કે મુલકમાં જવા માટે લોક ડાઉનના પ્રારંભના સમયે જવા માટે ગાડીઓ ના હતી, તેમને પાછા બોલાવવા હવે ગાડી, બસ અને કોઈ કોઈ કંપનીએ તો વિમાનની પણ વ્યવસ્થા કરેલ છે! મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી શ્રી ઉધ્ધવ ઠાકરેએ, કોરોનાના કારણે રાજ્યની અસ્તવ્યસ્ત આરોગ્ય વ્યવસ્થાને મજબૂત કરવા; કેરળ રાજ્ય, જે સમગ્ર ભારતમાં નર્સિંગના વ્યવસાય સાથે જોડાયેલ કાબેલ કે હોશિયાર તજજ્ઞો માટે વિશ્વભરમાં પ્રખ્યાત છે; તેના મુખ્યમંત્રીને ત્યાંથી લગભગ એકસો જેટલા કોરોના યોદ્ધાઓને મુંબઈ મોકલવા માટે પણ વિનંતી કરી! અહીં એક પ્રખ્યાત હિન્દી વાક્ય પ્રયોગ, જેને મુહાવરો કહેવાય છે, તે કદાચ યથોચિત છે જે આ પ્રમાણે છે.

समय समय बलवान है, नहीं मनुष्य बलवान,

काबे अर्जुन लुंटियो, वोही धनुष्य वोही बान.

આ સાથે આપણા પૂર્વજો કહેતા કે 'માણસને ચપટી ધૂળની પણ જરૂર પડે' તે અનુભવ સિધ્ધ વાક્ય પણ યાદ આવે, અને સાથે સાથે એ પણ પુરવાર થાય છે કે 'જરૂતિયાત એ આવિષ્કારની જનેતા છે' તે કહેવત હવેના સંદર્ભમાં' જરૂતિયાત એ સંબંધોની જનેતા છે' એ વધારે યોગ્ય લાગે છે. ખાસ કરીને જે પૂર્વ અને મધ્ય ભારતના આંતર રાજ્ય શ્રમિકો અને અન્ય વિશિષ્ટ લાયકાત કે આવડત ધરાવતા દક્ષિણ ભારતીયો પ્રત્યેના પૂર્વગ્રહ કે તિરસ્કારના કારણે મહારાષ્ટ્રમાં બે સ્થાનિક રાજકીય પક્ષોનો ઉદય થયો, તેમને જ આજે એમની મદદની જરૂર પડી! આપણી ભારતીય સંસ્કૃતિ જે એમ કહે છે કે 'પરસ્પર દેવો ભવઃ' એ કેટલું સત્ય છે.

છેલ્લા છ મહિનાથી કોવીડ-૧૯ કે કોરોના બીમારીએ સમગ્ર વિશ્વના બસોથી પણ વધારે દેશોને પોતાના સકંજામાં લીધેલ છે, તેથી તેને વૈશ્વિક કક્ષાની બીમારી વર્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (WHO) દ્વારા જાહેર કરવામાં આવેલ છે;

પણ ભારત સિવાય અન્ય કોઈ દેશમાં વિસ્થાપિત શ્રમિકોની આવી સામુહિક હીજરત કે વતન પ્રસ્થાનની ઘટનાઓ કે માહિતી ના તો સોશીઅલ મીડિયા, પ્રિન્ટ મીડીયા કે ઇલેક્ટ્રોનિક મીડિયામાં જોવા કે સાંભળવામાં આવી. આ પરિસ્થિતિ દર્શાવે છે કે ભારતની અર્થ વ્યવસ્થામાં આવા વિસ્થાપિત શ્રમિકોની ભૂમિકા અને યોગદાન કેટલું મહત્વનું અને બહોળા પ્રમાણમાં છે; જેનો આપણા સરકારી તંત્રને અંદાજ જ ના હતો, કારણકે આ બધા જેને અંગ્રેજીમાં અનઓર્ગનાઈઝ્ડ (unorganized) કહેવાય તેવા અસંગઠિત શ્રમિકો હતા, જેનું કોઈ સંગઠન નથી. જયારે સંગઠિત કામદારો તો અલગ પ્રકારના વર્ગમાં આવે છે જે પોતાના સંગઠનના બળથી નાક દબાવીને પણ સરકાર કે પોતાના નોકરીદાતા (employer) પાસેથી અયોગ્ય, ગેરવાજબી કે અન્યાયી પ્રકારની માંગણીઓ પણ સ્વીકારવા દબાણ કરી શકે છે.

ભારતમાં તો સરકારનું પૂર્ણ રૂપનું શ્રમિક કલ્યાણ મંત્રાલય છે, જેનો મુખ્ય ઉદ્દેશ અને કાર્ય શ્રમિકોના હિત અને કલ્યાણ માટે કાર્ય કરવાનો છે. પણ એવું લાગે છે કે તેની પાસે આવા અસંગઠિત શ્રમિકોનો માહિતી શ્રોત (data base) નહીં હતો એટલે કોવીડ-૧૯ના હુમલા અને અચાનક જાહેર કરાયેલ લોક ડાઉનના કારણે ઉદ્ભવેલી પરિસ્થિતિનો કોઈ અંદાઝ ના હતો, અને ઊંઘતા ઝડપાઇ ગયા. શ્રમિકોની દુર્દશા કદાચ અણધારી કે અકલ્પનિય પરિસ્થિતિના કારણે થઇ, જે અજાણતાં કે પૂર્વ ઇરાદા વગર થઇ, તેથી કદાચ ક્ષમ્ય ગણી શકાય; પણ તેના કરતાં વધારે ખરાબ પરિસ્થિતિ હવે કામદારો (જેઓ કારખાનામાં કામ કરી રહ્યા છે)ના વર્ગની થશે જો શ્રમિકોને લગતા હાલના કાયદામાં થનારા પ્રસ્તાવિક સુધારાઓનો (જે કદાચ સુધારવાને બદલે પરિસ્થિતિને વધારે બગાડશે) જો અમલ કરવામાં આવશે. આ સુધારાઓ એટલા જો હુકમી ભરેલા છે કે, તે નોકરી દાતાઓને શ્રમિકોનું શોષણ કરવાનો જાણે પરવાનો આપવામાં આવેલ છે. એટલે સત્તાધીશ પક્ષની પેટા સંસ્થા (organization) કે પાંખ (wing) જે શ્રમિકોના હિતનું રક્ષણ કરવા માટે રચાયેલ છે તે પણ આ સંશોધનનો વિરોધ કરે છે.

અર્થતંત્રને જીવંત રાખવા માટે સરકારો કેટલી અસંવેદનશીલ કે મઝબુર થઇ જાય છે, કે શરાબના વેચાણને લોક ડાઉનના સમયે પણ ચાલુ રાખવાની છૂટ આપેલ. અને હવે કોવીડ-૧૯ ના કારણે અને ચીનની નીતિઓના કારણે ઘણી વૈશ્વિક કંપનીઓ પોતાના કારખાના કે ઉદ્યોગોને ચીનમાંથી અન્ય દેશોમાં ખસેડવા માટેની સંભાવનાઓ તપાસી રહ્યા છે; ત્યારે તેમને સસ્તી શ્રમિક સેવા મળે અને તેના કારણે કદાચ તેઓ ભારતમાં પોતાના ઉદ્યોગ ધંધા સ્થાપિત કરે, તેના માટે કેટલાક રાજ્યો કેન્દ્ર સરકારની મૂક સંમતિથી જેને અમાનવીય કે અસંવેદનશીલ કહી શકાય તેવા કાયદાકીય સુધારાઓ, હાલના શ્રમિક કાયદાઓમાં કરવા માટે આગળ વધી રહ્યા છે.

પ્રાચીન ભારતની સમાજ વ્યવસ્થા, અર્થ વ્યવસ્થા અને આરોગ્ય વ્યવસ્થા જરૂરિયાતના પાયા પર હતી અને તે કાર્ય, કર્મ કે કામના આધાર પર નિર્ધારિત અને નિર્ભર હતી, તેને રાજકારણ કે સત્તા સાથે કોઈ સંબંધ જ ના હતો, જેની વિગતવાર માહિતી આ લેખના ભાગ-૧ માં આપેલ છે. હાલની સમાજ વ્યવસ્થા જ્ઞાતિ અને ધર્મ આધારિત છે, જેના ઘડતરમાં રાજકારણનો કે શાસકોનો મહત્વનો હિસ્સો રહ્યો છે.

પરિવર્તન એ સતત પ્રક્રિયા છે; જેની અસર આર્થિક અને સમાજ વ્યવસ્થા પર પણ થાય તે સ્વાભાવિક છે. હવે જયારે લોક ડાઉનના નિયમો હળવા થયા છે અને આર્થિક પ્રવૃત્તિઓ ચાલુ થવા લાગી છે ત્યારે આ અસંગઠિત વિસ્થાપિત શ્રમિકોની ગેરહાજરીએ બહુજ મોટી સમસ્યા ઉભી કરી છે. સરકાર તથા અન્ય લાગતા વળગતાઓને હવે ભાન થયું કે જો અર્થતંત્રને ઉભું કરવું હશે તો આ અસંગઠિત શ્રમિકો માટે કોઈ વ્યવસ્થા વિચારવી પડશે એટલે હવે સરકાર માટે એ દુવિધા છે કે બહુરાષ્ટ્રીય કંપનીઓને ભારતમાં નિવેશ કરવા સખ્ત શ્રમિક કાયદા લાવવા કે હાલ જે ઉદ્યોગ, ધંધા કે કારખાના કોરોનાના કારણે બંધ થઇ ગયા છે તેને ચાલુ કરવા અને રાખવા માટે તાત્કાલિક પગલાં લેવા. ભારતના વિસ્થાપિત શ્રમિકોની ભારતના અર્થતંત્રમાં ભૂમિકા કે યોગદાન માટે મને એક રમૂજી કિસ્સો બંધબેસતો લાગે છે જે અત્રે રજુ કરૂં છું.

બે મિત્રો લગભગ બે દાયકા પછી મળ્યા. પ્રારંભીક આગતા સ્વાગત પછી નિરાંતે વાતો કરવા બેઠા (કચ્છીમાં રેયાણ). ત્યારે અતિથિ મિત્રએ યજમાન મિત્રને પૂછયું કે તારા ત્રણ પુત્રો હવે મોટા એટલે કે ઉંમર લાયક થઇ ગયા હશે અને શું કરી રહ્યા છે. યજમાને જવાબ આપ્યો કે સૌથી નાનો બી.કોમ થઇ ગયો અને નાના મોટા નામા લખીને મહિને બે પાંચ હજાર રૂપિયા કમાઈ લે છે. વચલો એન્જીનીઅર થઇ ગયો છે, પણ બે વર્ષથી નોકરી શોધે છે, અને સૌથી મોટો તો માત્ર પાંચ ચોપડી ભણીને સુથારી કામ કરે છે, તેનું ભણવામાં ચિત્ત જ નહીં લાગતું હતું. હું તો પાંચ વર્ષથી રીટાયર થઇ ગયો છું, અને આખું ઘર મોટાની કમાઈ પર ચાલે છે. આ પરિવારમાં જે યોગદાન મોટા પુત્રનું છે, તેવું જ યોગદાન ભારતના અર્થતંત્રમાં વિસ્થાપિત શ્રમિકોનું છે.

છીપનું મોતીઃ દુનિયાને ચલાવવા માટે અસંખ્ય અજ્ઞાત, અજાણ્યા, અપરિચિત, અભણ કે ઓછું ભણેલ અને અજ્ઞાની લોકો કામ કરી રહ્યા છે જેની દુનિયા ભાગ્યેજ નોંધ લેતી હોય છે.

***

''જૈન ધર્મ મારી દ્રષ્ટિએ...'' મણકો-૧૪

લેખક : સોમ ધરમશીં, મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

(ગતાંકથી ચાલુ..)

વૈદિક ઋષિ માનતા હતા કે દરેક મનુષ્ય શ્રમ કરે, મહેનત કરે, ખેતી કરે, પરસેવાની કમાણીનો ભરપુર ઉપયોગ કરે. જુગાર અને વ્યસનથી દૂર રહે, બૂરાઈથી દૂર રહે, ચોરી ન કરે, સંગ્રહ ન કરે, પોતાની પાસે જે હોય તે સૌની સાથે હળીમળીને વહેંચીને ખાય, બધા સાથે સહયોગ કરે, બધા સાથે મિત્રતા રાખે, બધાની સહાય કરે અને સેવા કરે, આ રીતે સુખી સમાજ બનાવવાનો પ્રયત્ન કરે.

વેદનો સંદેશ છે - આપણે સૌ પ્રેમમય, આનંદમય અને પવિત્ર જીવન જીવતા જીવતા બ્રહ્મને સમજીએ. ઘટ-ઘટમાં તેનાં દર્શન કરીએ અને સત્, ચિત્ત અને આનંદ તરફ પ્રયાણ કરીએ.

વેદનો સારાંશ :-

● જગતમાં જે કાંઈ સ્થાવર-જંગમ વસ્તુઓ છે તે સૌમાં ઈશ્વરનો વાસ છે. અંતર્યામી પરમાત્મા સમગ્ર જગતમાં છવાયેલા છે.

● અહિંસા પરમ ધર્મ છે. સ્થૂળ હિંસા જ નહીં પણ સૂક્ષ્મ હિંસા પણ કરવી નહીં.

● સૌ મનુષ્યોમાં મૈત્રીભાવ વધે તે જોવાનું કામ દરેક મનુષ્યનું છે.

● સત્ય સમાન બીજો કોઈ ધર્મ નથી. ધર્મનું આચરણ કરનારની સત્યની નાવ પાર થઈ જાય છે.

● આપણું જીવન કર્મમય હોવું જોઈએ. આપણે મહેનત અને શ્રમ કરવો જોઈએ અને જે નિષ્કામ કર્મ કરે છે તે દેવતાઓને પ્રિય હોય છે.

● જે કાંઈ તમારી પાસે છે તે વહેંચીને ભોગવો. અન્ન હોય કે ધન વહેંચીને વાપરો.

● પરિવારમાં બધા જ સુખી અને સ્વસ્થ રહે તે જુઓ.

● જ્ઞાન અને વિજ્ઞાન બંને જરૂરી છે.

● સૌને ઈશ્વર સન્મતિ આપે તેવી હંમેશા પ્રાર્થના કરવી જોઈએ.

વેદનો સારાંશ જે આજથી ૫૦૦૦ થી ૬૦૦૦ વર્ષ પૂર્વે રચાયો છે તેણે પાછળ અસ્તિત્વમાં આવેલ અનેક ધર્મો પર પ્રભાવ પાડેલ છે.

આપણે જન્મથી એક શાસ્ત્રવિધાન અનેક વરિષ્ઠો પાસેથી સાંભળતા આવ્યા છીએ : **'એકમ સત્ વિપ્રા બહુધા વદન્તિ'** (સત્ય તો એક જ છે, માત્ર તેને જોવાની પદ્ધતિઓ અલગ-અલગ છે.)

હિન્દુ ધર્મ નીતિના આધાર તરીકે ચાર વેદોને સ્વીકારવામાં આવ્યા છે. ચારેય વેદો આપણે જીવન માર્ગ પર કેમ, ક્યાં, ક્યારે, કેટલું ચાલવું તેનું પથદર્શન કરે છે. ચારેય વેદોમાંથી એક એક મહાવાક્યને તે વેદનું આધાર વાક્ય માનીને પસંદ કરવામાં આવ્યું છે અને એ ચારેયને 'વૈદિક ઘોષ' અને 'મુક્તિનું સીધું સાધન' સ્વીકારવામાં આવ્યું છે. આ ચાર મહાવાક્યો વિષે જાણીએ :

(૧) સામવેદ કહે છે : તત્ત ત્વમ અસિ (તત્ત્વમસિ), (૨) યુજર્વેદ કહે છે : અહ્મ બ્રહ્માસ્મિ, (૩) ઋગ્વેદ કહે છે : પ્રજ્ઞાનં બ્રહ્મ, (૪) અર્થર્વવેદ કહે છે : અયં આત્મા બ્રહ્મ... આ પ્રત્યેક મહાવાક્યનો ભાવાર્થ એક જ છે અને તે છે : જે સર્વોચ્ચ (બ્રહ્મ)ની આપણે શોધ કરી રહ્યા છીએ તે સર્વોચ્ચ (બ્રહ્મ) આપણે જ છીએ.

જીવ જ બ્રહ્મ છે. સાધક જ સાધ્ય છે. સાધક અને શોધ બન્ને એક છે. ઉપનિષદમાં પ્રશ્ન પુછાયો : 'એવું શું છે કે જે જાણી લેવાથી 'સઘળુ' જાણી શકાય છે ?' ઉત્તર આમ અપાયો : એ સઘળું એટલે 'સત્' એટલે કે 'અસ્વિત્વ' છે!' મતલબ કે 'જે હું છું, એ જ તમ છો', અથવા તો 'જે તમે છો તે જ હું છું.' આ સત્યનો જલ્દીથી સ્વીકાર થતો જોવા મળતો નથી. કારણ કે માણસમાં 'હું, મારું, મને'નો ભાવ ઠાંસોઠાસ છે. આપણે સાચા અર્થમાં શાસ્ત્રોનું રસપાન કર્યુ નથી, હૃદયથી હરિનામનું સ્મરણ કર્યુ નથી કે શાસ્ત્રોક્ત ઈશલીલાનું હરદમ ગાન કર્યુ નથી ! જેમણે આ કર્યુ છે તેમને તો કોઈ ભેદ ક્યારેય દેખાતો નથી... યત્ર-તત્ર-સર્વત્ર જે છે, જેટલું છે, જેમ છે અને જ્યારે છે ત્યારે તે 'અસ્તિત્વ' જ છે અને એ જ તો એકમાત્ર 'સત્' છે !!

અંતમાં પ્રકાશ સમીક્ષાના ગતાંકમાં શ્રીમતી શિલ્પા અજાણીએ પોતાના લેખમાં જણાવ્યું તેમ "Jain Dharma is very often misunderstood to be highly rigid and restrictive but contrary to the common viewpoint, Jain Dharma is the most accepting, adapteble and all encompassing !"

મળવા જેવા માણસ... કોલકતાનું ક.દ.ઓ. જ્ઞાતિ ગૌરવ શ્રી વિરેશ લક્ષ્મીચંદ લુઠીયા

આપણા જ્ઞાતિબંધુ શ્રી વિરેશ લક્ષ્મીચંદ લુઠીયા કોલકતાના જાણીતા સામાજીક કાર્યકર છે અને માનવજ્યોત સંસ્થા (મુંબઇ)ની એક શાખા સન ૨૦૦૩ થી તેઓ કોલકતામાં સમાજસેવા કાર્યો માટે ચલાવે છે. કોરાના કાળના આ ચાર મહિના દરમિયાન અને અમ્ફાન વાવાઝોડાની આફત દરમિયાન તેમણે કોલકતાના લોકોની તન,મન અને ધન થી સેવા કરી છે. અને આપણી જ્ઞાતિનું નામ રોશન કર્યું છે. પ્રકાશ સમીક્ષાએ એમની એક વિશેષ મુલાકાત લીધી છે જે અત્રે રજૂ કરીએ છીએ. શ્રી વિરેશ લક્ષ્મીચંદ લુઠીયાની જન્મભૂમિ મહારાષ્ટ્ર છે અને કર્મભૂમિ કોલકતા છે. તેઓ વર્ષોથી ત્યાં સ્થાયી થયા છે.

પ્ર.સ. તમારા વ્યવસાય વિશે માહિતી આપશો ?

ઉત્તર : મારો વ્યવસાય આયાત નિકાસ કન્સલટન્સી, આયાતના લાઇસન્સ અને કલીંઅરીંગ અને ફોરવર્ડીંગ તથા શિપિંગનું કામકાજ કરૂ છું.

પ્ર.સ. તમને સામાજીક કાર્યો કરવાની પ્રેરણા કવી રીતે મળી?

ઉત્તર : મારા પિતાશ્રીના કેન્સરના ઓપરેશન અને સારવાર માટે અમે મુંબઇ આવ્યા હતા. માનવજ્યોત કાર્યકર શ્રી બાબુભાઇ છેડાના સાથ સહકારથી ઓપરેશન સફળ રીતે પાર પડ્યું અને બાપુજીને હોસ્પિટલમાં ખૂબ સારી સારવાર મળી અને આ બાદ તેમણે દીર્ઘાયુ ભોગવ્યું હતું. આ પ્રસંગ ઉપરથી મને સમાજસેવા કરવાની પ્રેરણા મળી.

પ્ર.સ. કોલકતામાં તમારા દ્વારા સંચાલિત માનવજ્યોત સંસ્થા વિશે જણાવશો ?

ઉત્તર : મારા કાકા શ્રી કુલીન લુઠીયા જેઓ મુલુંડ મુંબઇમાં માનવજ્યોત સંસ્થા ચલાવે છે એમની પ્રેરણા, સાથ-સહકાર અને માર્ગદર્શનથી ૧૯ વર્ષ પૂર્વ ૨૦૦૩માં માનવજ્યોત સંસ્થાનો કોલકતામાં પ્રારંભ થયો.

પ્ર.સ. કોલકતામાં માનવજ્યોતના સેવા યજ્ઞની ક્યાંથી શરૂઆત કરી ?

ઉત્તર : ૧૯ વર્ષ પહેલાં કોલકતાથી આશરે ૫૦ કીમી દૂર આવેલ ચારેક ગામડામાં એમ્બ્યુલન્સ અને વૈદ્યકીય તપાસણીની શરૂઆત કરી. અહીંયા દર રવિવારે લગભગ ૩૦૦/૪૦૦ જણની મફત વૈદ્યકીય તપાસણી કરવામાં આવે અને મફત દવા આપવામાં આવે છે.

પ્ર.સ. માનવજ્યોત કોલકતામાં હોસ્પિટલોમાં શું સેવા આપે છે ?

ઉત્તર : છેલ્લા ૬ વર્ષથી માનવજ્યોત કોલકતાની એસ.એસ.કેમ.એમ., ચિતરંજન અને એન.એસ. બાંગુર હોસ્પિટલોમાં દર્દીઓને લગભગ વર્ષના ૩૬૫ દિવસ ભોજન આપે છે. બંગાળમાં ગામડાઓમાં રહેતી સ્થાનિક પ્રજાની આર્થિક સ્થિતિ બહુ સારી નથી. એમના કુટુંબમાં જ્યારે કોઇ એક પણ બિમાર પડે અને હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર હોય તો દરદીતી સાથે આપવું કુટુંબ શહેરમમાં આવે છે. અમે આવા કુટુંબીજનોને ખાદ્યા ખોરાકી આપીએ છીએ. ઘણી વખત દરદીને ૩ થી ૪ દિવસ પછી હોસ્પિટલમાં દાખલ થવા મળે છે તો એની પણ ખાદ્યા ખોરાકી વ્યવસ્થા અને જો દવા લેવાની ત્રેવડ ન હોય તો દવા પણ લઇ આપીએ છીએ. ઘણી વખત માનવજ્યોતના કામને જોઇને સરકારી હોસ્પિટલોમાં દરદીઓ જલ્દીથી દાખલ થવા મળે છે. એવા કિસ્સા પણ બન્યા છે.

પ્ર.સ. કુદરતી આફતોની વેળાએ માનવજ્યોત કઇ રીતે સેવા કાર્ય કરે છે ?

ઉત્તર : અમને જ્યારે કુદરતી આફતોનો આગોતરો સંદેશ મળે છે ત્યારે તદન કાચા ઘર / ઝુંપડાવાસીઓ માટે તાલપત્રીનો, તથા મમરા અને ચેવડા જેવો સૂક્કો નાસ્તો અને દવાઓ વગેરે સામ્રગીઓ જે લગભગ ૧૦૦૦ જણને પૂરી પડી શકે એટલી વ્યવસ્થાની તૈયારી હોય છે. ઘણી વખત પૂર કે વાવાઝોડામાં ઘરવખરી પણ તણાઇ જાય છે તો એ પણ અમારા દ્વારા પૂરી પાડવામાં આવે છે.

પ્ર.સ. સેવા કાર્ય દરમિયાન પ્રશાસનનો સાથ સહકાર કેવા મળે છે ?

ઉત્તર : પ્રશાસનનો સાથ સહકાર તો મળતો જ હોય છે પણ જો સાથ સહકાર ન મળે તો અમે સેવા ચાલુ રાખવાનો બીજો રસ્તો શોધી કાઢીએ છીએ.

પ્ર.સ. તમારા ૧૯ વર્ષના સેવા કાર્ય દરમિયાનનો એક પ્રેરક પ્રસંગ જણાવો તેથી દરેકને સેવા કાર્યની પ્રેરણા મળે ?

ઉત્તર : માનવજ્યોતના સેવા કાર્યનો આરંભ કોલકતાથી ૪૦ કી.મી. દુર ત્યારે બંધાતા અક્ષરધામ (સ્વામી નારાયણ

મંદિર)થી થયો. બે ડૉક્ટરો અને કેટલાક કાર્યકરોની સેવા અને સાથ સહકારથી અઠવાડિયામાં એક દિવસ ૪૦૦ થી ૫૦૦ જણની વૈદ્યકીય તપાસણી થતી અને વિના મૂલ્યે દવા પણ આપવામાં આવતી. પણ બે દાક્તરો ૪૦૦ થી ૫૦૦ જણને તપાસવા પૂરા નહોતા તેથી મેં દરદીઓના રિપોર્ટ વાંચીને સામાન્ય જણાતી બિમારી જેનું મને જ્ઞાન હતું તેની દવા આપવાનું શરૂ કર્યું. આને લઈને ગામડાના લોકોએ મને દાક્તર તરીકે સંબોધવાનું શરૂ કર્યું અને આ સાંભળી આંખમાં આસું આવી જતા અને સારૂં કાર્ય કરવાની પ્રેરણા મળતી.

પ્ર.સ. તમારા ધર્મપત્ની પણ માનવજ્યોતના સેવા કાર્યમાં જોડાયેલા છે ?

ઉત્તર : હા મારા ધર્મપત્ની વર્ષા અન્નપૂર્ણા સેવા કાર્ય કરે છે. આ ઉપરાંત મને બીજા પણ ઉમંગી કાર્યકરોનો સહકાર મળે છે.

પ્ર.સ. કોવિડ-૧૯ના છેલ્લા ચાર મહિના દરમિયાન માનવજ્યોત ક્યા પ્રકારની સેવાઓ આપી રહ્યું છે ?

ઉત્તર : અમે અન્નદાન યોજનાઓ ચાલુ જ રાખી હતી પણ ત્યાર પછી જરૂરતમંદ લોકોને રાશનની કીટ આપવાનું શરૂ કર્યું. શરૂઆત ૧૫૦૦-૧૫૦૦ કીટ સવાર-સાંજ વહેંચતા પણ આંકડો ૩૦૦૦ સુધી પહોંચી ગયો. આ ઉપરાંત હૉસ્પિટલ, BSF, CISE પોલીસ ને સેનીટાઇજર મશીન, માસ્ક, પીપીઇ કીટ્સ સેટ વિતરણ કરવામાં આવેલ છે. અને વિતરણમાં વપરાયેલ રકમનો આંકડો ૧.૦૦ કરોડ સુધી પહોંચી ગયો છે અને આ કાર્ય હજી ચાલુ છે.

પ્ર.સ. માનવજ્યોતના વિવિધ સેવા કાર્યોનો વાર્ષિક ખર્ચ કેટલો છે ?

ઉત્તર : અમે લગભગ ૧.૫૦ કરોડ જેવી રકમ ખર્ચીએ છીએ.

પ્ર.સ. ગામડાઓ અને શહેરી વિસ્તારો સિવાય માનવજ્યોત બીજા ક્યાં વિસ્તારમાં શું સેવા આપે છે ?

ઉત્તર : માનવજ્યોત દર વર્ષે નવેમ્બર મહિનામાં બંગાળના સરહદી વિસ્તારમાં વૈદ્યકીય તપાસણીની શિબીર યોજે છે અને આ શિબિરો નિશુલ્ક હોય છે અને દવાઓ પણ અપાય છે. આ શિબિરોનો લાભ ૭૦૦-૮૦૦ થી માણસો લે છે. જેમાં ૨૫૦-૩૦૦ બી.એસ.ઇ. અને સી.આઇ.એસ.ઇ. ના જવાનોને પણ આનો લાભ મળે છે.

પ્ર.સ. છેલ્લે સમાપ્ત કરતાં કોઈ બીજો અનુભવ કહેશો ?

ઉત્તર : હાજી એક દરદી જેને માનવજ્યોત એ હોસ્પિટલની સારવાર અપાવી હતી તેણે અમને આવીને રૂા. ૫૦૦/- આપવાની ઇચ્છા દર્શાવી જે અમે આભાર પૂર્વક સ્વીકાર્યા, જે આ દરદીની પણ સેવા કરવાની ભાવના દર્શાવે છે.

''અમ્ફાન'' વાવાઝોડા દરમિયાન રાહત કાર્ય કરવા બદલ માનવજ્યોતને તા. ૦૧-૦૬-૨૦૨૦ના બ્લોક ડેવલપમેન્ટ ઓફિસર, સાગર, સાઉથ ૨૪ પરગણા, પશ્ચિમ બંગાલ સરકાર દ્વારા પ્રશસ્તિ પત્ર આપવામાં આવેલ છે. લગભગ ૧૦૦૦ કુટુંબોને માનવજ્યોતે વાવાઝોડામાં મદદ કરી હતી.

– **ઉદયન શાહ,** તંત્રી મંડળ

એસ.એસ.સી. ની પરિક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓ તથા તેમનાં મા-બાપ માટે ખાસ ધ્યાન રાખવાની ચીજો

એસ.એસ.સી.ની પરિક્ષાનાં પરિણામ જાહેર થશે. તેવા વખતે જો તમને ઓછા ટકા મળ્યા હશે તો તમને માઇનોરીટી કોટામાં એડમીશન મળી શકે છે. તેના માટે ખાસ ધ્યાન દોરવાનું કે જ્યારે પણ તમે શાળામાંથી એસ.એસ.સી. પાસ થાય પછી સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ લ્યો છો ત્યારે તેમાં બે ચીજ ખાસ લખાવજો.

૧) ધર્મ / Religion : Jain

૨) માતૃભાષા / Mother Tongue : Gujrati

ખાસ ધ્યાન રાખજો Mother Tongue ગુજરાતી લખાવજો કારણ કે મહારાષ્ટ્રમાં ભાષા આધારિત માઇનોરીટી કોલજો છે જે ગુજરાતી માઇનોરીટી ક્વોટામાં એડમીશન આપે છે. આપ મહેરબાની કરી 'કચ્છી' Mother Tongue /માતૃભાષા તરીકે ભૂલથી પણ ન લખાવજો. આ બે ચીજ જો તમારી સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં હશે તો તમને માઇનોરીટી કોટામાં એડમીશન મળશે.

(ઉપરની માહિતી રવિવાર તા. ૧૨/૭/૨૦૨૦ ના કચ્છી યુવક સંઘ દ્વારા રાજેન ધરોડે વેબનારમાં આપી હતી.)

– **સી.એ. પદમકુમાર ઠાકરશી પોલડિયા,**
ડુમરા (ઘાટકોપર) મોબાઇલ : 98204 13141
ઇમેલ : ptpoladia@gmail.com

વિચાર વર્તુળ

ચેત મછંદર કોરોના આયા

– પ્રવિણ લોડાયા, વડોદરા

ઓશો રજનીશ જેમણે ભારતનું દર્શન દુનિયાને રસાળ અને સરળ શબ્દોમાં સમજાવ્યું. તેઓ મહાન અભ્યાસૂ હતા. તેમણે વિશ્વ તત્વજ્ઞાનની તમામ ફિલસૂફીની ધારાઓ કંઠસ્થ કરીને ૫૦૧ પુસ્તક ભરાય એટલા મૌલિક ભાષ્યો કહ્યા. ભારતના અનેક વિદ્વાનો તેમને સાંભળવા અને ચર્ચા કરવા તેમની પાસે જતા.

હિન્દીના ખ્યાતનામ કવિ સુમિત્રાનંદન પંત મહામેઘાવી ઓશો રજનીશને મળવા ગયા. બે પ્રજ્ઞાવાનો વચ્ચે મીઠી ગોઠડી ચાલી. તેમણે ઓશોને એક પ્રશ્ન પૂછ્યો. ''ભારતના ધર્મ વારસામાં તમને સૌથી તેજસ્વી લાગતા હોય એવા બાર સિતારા કોણ?''

ઓશોએ કહ્યું કે, ભારતનું આકાશ તો અઢળક દિવ્ય નક્ષત્રોથી છલકાય છે. સુંદર, પ્યારા નામો એમણે પસંદ કરીને આપ્યા : કૃષ્ણ, પતંજલિ, બુદ્ધ, મહાવીર, નાગાર્જુન, શંકરાચાર્ય, નાનક, મીરા, રામકૃષ્ણ, કૃષ્ણમૂર્તિ, ગોરખનાથ અને કબીર.

પંતને નવાઈ લાગી, કહે કે ''આપે રામનું નામ તો છોડી દીધું! ઓશોએ કહ્યું : હવે તમે બારની જ મર્યાદા બાંધી તો ઘણા નામ છોડવા પડે ને! એટલે એવા બાર નામ પસંદ કર્યા, જેમનું કશુંક મૌલિક યોગદાન રહ્યું છે. રામ હિન્દુ પરંપરામાં પૂર્ણ અવતાર ગણાયા નથી.''

સુમિત્રાનંદન પંતે વાત આગળ ચલાવી કે આમ છોડવાનું હોય તો આ બારમાંથી પાંચ છોડી સાત પસંદ કરવા પડે તો કેવી રીતે કરો?

તો રજનીશ કહે નાગાર્જુન બુદ્ધમાં સમાયેલા છે તો બુદ્ધના બીજમાંથી નાગર્જુનનું વૃક્ષ ખીલ્યું તો બીજ રાખી, વૃક્ષ છોડી દેવાય. બુધ્ધ હશે તો સેંકડો નાગાર્જુન પેદા થશે, પણ નાગાર્જુનથી બુદ્ધ પેદા નહીં થાય. તીર્થ છોડી શકાય ગંગોત્રી નહિ. તે જ રીતે કૃષ્ણમૂર્તિ પણ બુદ્ધની આધુનિક આવૃત્તિ છે. રામકૃષ્ણ પરમહંસ કૃષ્ણની પ્રેમધારામાં વિલીન થઈ જાય. નાનકનું પુરૂષ રૂપ અને મીરાનું સ્ત્રી રૂપ એનું સંયોજન તો કૃષ્ણ, પતંજલિ, બુદ્ધ, મહાવીર, શંકરાચાર્ય, ગોરખનાથ અને કબીર.

પંતજી કહે કે ચાર પસંદ કરવા હોય તો? કબીર ગોરખનાથમાં સમાઈ જાય, શંકરાચાર્ય કૃષ્ણમાં આવી જાય. કારણ કે મહાવીરને બુધ્ધમાં સમાવી શકાય. બેયમાં બહુ ફરક નથી, ભિન્નતા નથી. અભિવ્યક્તિની પદ્ધતિ અલગ છે.

માટે ભારતના આધ્યાત્મિક વારસાના ચાર રત્નો પસંદ કરવા હોય તો : કૃષ્ણ, પતંજલિ, બુદ્ધ, ગોરખ ! ચાર વ્યક્તિઓ તો ચાર દિશા છે. ચાર પરિણામ છે. ચતુર્ભુજ પરમાત્માના ચાર હાથ છે.

સુમિત્રાનંદન પંતે કહ્યુ કે તમે જૈન છો છતાં મહાવીરને છોડી દો, અને ગોરખને નહિ ? સવાલ પણ આપણને થાય એવો હતો. પતંજલિ તો યોગને લીધે પ્રસિદ્ધ અને કૃષ્ણ, બુદ્ધમાં તો સમજીએ છીએ પણ ગોરખનાથ ?

રજનીશ જેવો મોડર્ન ગ્લોબલ ફિલોસોફર કયાં, જે રોલ્સ રોયસમાં ફરી અમેરિકાના હિપ્પીઓને નચાવી શકે, અને ખપ્પર ભભૂતિવાળો અવધૂત ગોરખ કયાં ?

ઓશોએ કહ્યું : ''મહાવીર મહામાનવ ખરા, અપૂર્વ પુરૂષ છે. પણ ત્રેવીસ તીર્થંકરોએ સદીઓથી જે સત્ય કહ્યું તેનો પુનરોચ્ચાર કર્યો. માટે એ યાત્રાની પ્રથમ કડી નથી. લાસ્ટ સ્ટેશન છે. પણ ગોરખથી તો નવો સૂત્રપાત થયો.

ગોરખ તો ચેઈનનું સ્ટાર્ટિંગ પોઈન્ટ છે, ગોરખ વિના તો ન કબીર હોય, ન નાનક, ન દાદૂ, વાજીદ, ફરીદ, મીરા સમગ્ર સંત સાહિત્યનો મૌલિક આધાર ગોરખ છે. બાકી બધા તો મંદિરના ભવ્ય સુવર્ણકળશ છે. શિખર ઊંચું હોય, બધાને દૂરથી દેખાય પણ એ પાયાના પત્થરથી વધૂ મૂલ્યવાન ન હોય.

શિખરની પૂજા ભલે થાય પણ ભૂલાઈ ગયેલા પાયા પર એ ટકેલું હોય અને ગોરખનાથ એ પાયો છે! ''પતંજલિ વિના યોગ નહિ, બુદ્ધ વિના ધ્યાન નહિ, કૃષ્ણ વિના પ્રેમ નહિ એમ ગોરખ વિના જોગી નહિ!''

રજનીશની ગોરખવાણી જેવા દળદાર ગ્રંથને વાંચીએ તો જ આ બધું સમજી શકાય.

ગોરખનાથના ગુરૂ મછંદર આપણા સ્થુલિભદ્રની જેમ લપસી પડ્યા હતા તેને લેવા એ જાય છે અને ત્યાં અહાલેક જગાવે છે 'અલખ નિરંજન !' ચેત મછંદર ગોરખ આયા. અને પોતાના ગુરૂને પાછો લઈ આવે છે.

ગુરૂને બેહોશીમાંથી હોશમાં લાવીને પોકાર કર્યો, 'ચેત મછંદર, ગોરખ આયા' આ અવાજ અંતરમાંથી નિકળેલો

એટલે એટલો બુલંદ હતો કે ગુરૂની ઓફ-ટ્રેક ગાડીને ફરી સાચી દિશામાં પાટા પર ચડાવી ગયો. પછી તો 'ચેત મછંદર' શબ્દ પ્રયોગ ઘેનમાં ડૂબેલાને જગાડવાની ક્રાંતિનો પર્યાય બની ગયો.

આખી વાત ટિપિકલ બ્રહ્મચર્યના મહિમાની લાગે. પણ સ્ત્રી તો સિમ્બોલ છે, સવાલ 'ટેમ્પટેશન'નો, કોઈને કોઈ કામના-વાસના-લોભ-મોહમાં માણસ આંધળો ભીત બનીને સારાસારનો વિવેક ગુમાવી દે, પોતાનું મૂળ વ્યક્તિત્વ કે સંવેદનો ખોઈને દોડતો થાય, ત્યારે એનાથી ઉંમર કે અનુભવ કે હોદ્દામાં નાનો માણસ પણ વોર્નિંગ સાઈન આપી ચેતવે એ ઘટનાક્રમ એટલે 'ચેત મછંદર ગોરખ આયા !'

આજના સંદર્ભમાં વાત કરીએ તો આ ગોરખવાણી, કોરોના આપણને શિખડાવી ગયો. કોરોનાની મહામારી વિશ્વના ધનિકોને પરોપકારી બનાવી રહી છે. ૨૦૦ ધનિકોએ દાન કરવાના શપથ લીધા છે. કોરોના મહામારી દરમિયાન દુનિયાભરના અબજપતિઓ વસિયત લખી રહ્યા છે, જેમાં તેઓ મોટી રકમ પરોપકાર પાછળ ખર્ચી રહ્યા છે.

તાજેતરમાં વસિયત લખી ચૂકેલા બ્રિટિશ અબજપતિ જોન કાડવેલ કહે છે કે, હું મારી ૭૦% સંપત્તિનું દાન કરીશ. પરિવારના સભ્યો માટે એટલી સંપત્તિ છોડીશ કે જેનાથી તેમની જરૂરિયાતો પૂરી થઈ જાય.

૨૦૦૬ માં કાડવેલ એ 'ફોન્સ ફોર યુ' મોબાઈલ ફોન કંપની ૧૪ હજાર કરોડ રૂા. માં વેચી દીધી હતી. એસ. એસ. બી. સી. બેન્કના વેલ્થ પ્લાનિંગ એડવાઈઝરીના હેડ જેરેમી ફ્રેન્ડસ જણાવે છે કે એવા ઘણા અબજપતિઓ છે કે જેઓ સમજે છે કે આવનારી પેઢીને તેમના બિઝનેસમાં લાવવી પડકારજનક છે.

તેમનું માનવું છે કે લોકકલ્યાણ પાછળ ધન વાપરવું સૂઝબૂઝભર્યો નિર્ણય હશે. બિલ ગેટ્સ અને વોરન બફેટની 'ગિવિંગ' પ્લેજ સંસ્થા સાથે મોટા ભાગના ધનિકો જોડાઈ રહ્યા છે અને તેમની મોટા ભાગની સંપત્તિનું દાન કરવાના શપથ લે છે. એટલે 'ચેત મછંદર કોરોના આયા.'

તા.ક.: ભારતીય સંસ્કૃતિના તત્વદર્શનનું ભૂલાયેલું ગુરૂશિખર : ગોરખનાથ ! રજનીશ જેવા જિનિયસ બ્રેઈને ભારતીય વિભૂતિઓનું આપણને દર્શન કરાવ્યું.

***

જુનું મુંબઇ

શ્રી ભરતભાઈ વી. જીવાણી (ડોંબિવલી-જખૌ)એ જુના પુસ્તકનો આ લેખ મોકલ્યો છે, ઈ.સ. ૧૮૯૬માં મુંબઈમાં અત્યારના કોરોના જેવોજ સંક્રમિત રોગ ફેલાયો હતો જેનું વર્ણન છે. જે અત્યારના કસોટીકાળમાં સંબંધિત જણાય છે.

ઈ. સ. ૧૮૯૪માં બી.બી.સી.આઈ. (વેસ્ટર્ન રેલ્વે)નું ચર્ચગેટ સ્ટેશન સામે આવેલું પથ્થરનું ભવ્ય મકાન બંધાવા લાગ્યું. એને બંધાતા પાંચેક વર્ષ લાગ્યાં. સન ૧૮૯૯ માં તે બંધાઈ ગયું. ઓગણીસમી સદીનો અંતિમ દશકો મુંબઈવાસીઓ માટે જ નહિ પણ દેશની આખા પ્રજાને સારુ કષ્ટકારી અને દુ:ખદાયક હતો. સને ૧૮૯૬, સંવત ૧૯૫૨માં મહામારી (મરકી) ફાટી નીકળી.



મુંબઈનો વસવાટ પૂરતા હવા ઉજાસ વિનાનો, અતિ ગીચ હતો. મકાનો ત્રણ થી ચાર મજલાનાં હોઈ, પ્રત્યેક મજલા પર સામસામી એકવડી ઓરડીઓ હતી. માંડવી લત્તો જથાબંધ અનાજનું મુખ્ય મથક. એને લીધે ઘરોમાં ભોંટતળિયે આવેલી વખારોમાં, અનાજનો સંગ્રહ રહેતો. ઉંદરોનો ઉપદ્રવ એ લત્તામાં રાતની વેળા બહુ દેખાતો.

મરકીનો મરજ વધતો ગયો અને દારુણ બનતો ચાલ્યો. તાવની સાથે બગલ, જાંઘ, કિંવા ઢીંચણમાં ગાંઠ નીકળી આવતી. બેએક રોજમાં દર્દ ભયંકર બની દર્દીનું મરણ થતું. ઘરમાં બીજાંઓને એનો ચેપ લાગતો, તેનું પરિણામ પણ એવું જ કરુણ આવતું. કેટલાંક ઘરોમાં એક રોજમાં બબે ત્રણ ત્રણ મરણો થવાં મંડ્યાં. ડૉક્ટરો હતાશ થઈ ગયા. લોકો થરથરી ગયા.

ડૉક્ટરો તેમ જ વૈદ્યો વિધવિધ ઉપાયો અજમાવતા, પણ કોઈ કારગત થતો નહિ. ચેપ બીજા લત્તાઓમાં ફેલાતો ગયો, જેને લઈને મુંબઈનું રોજનું સરેરાશ મરણ વધતું ચાલ્યું. જ્યાં મરણ થયું હોય તે જગા મ્યુનિસિપાલિટી ફિનાઈલથી ધોઈ નખાવતી અને ઘરની હેઠે ગંધકની ધૂણી પેટાવતી. જ્યાં જુઓ ત્યાં આવી ધુણીઓ રસ્તા પર સળગતી દેખાતી.

એ દૃશ્ય ભયંકર અને સૌને ભયભીત કરી દેતું. તેથી મરકીના દર્દીઓની સારવાર કરવા અલાયદી ઈસ્પિતાલ-ક્વોરેન્ટાઈનની વ્યવસ્થા કરવામાં આવી. દર્દીઓને ફરજિયાત ત્યાં લઈ જવામાં આવતાં. આ વ્યવસ્થાથી લોકોમાં દિલ દુખાયાં અને પ્રજામાં અસંતોષ ફેલાયો. ઘણાં દેશ જવા લાગ્યાં. થોડા સમય પછી દેશાવરોમાં પણ મરકીનો ચેપ ફેલાયો.

સરકારે ઠેરઠેર ક્વોરેન્ટાઈનો મૂક્યાં. ઉતારુ વર્ગને અધવચ ઉતારી લેવામાં આવતાં. અમુક દિવસો ક્વોરેન્ટાઈનમાં રાખી પછી જ ત્યાંથી આગળ જવા દેવામાં આવતા. વળી જુદાં જુદાં સંશોધનો અને તર્કવિર્તકો પછી આ ચેપ ઉંદરો ફેલાવે છે એવા અભિપ્રાય પર ડૉક્ટરો આવવાથી, સુધરાઈએ ઉંદરો મારવાનું અને પકડવાનું શરૂ કીધું, પરેલ લેબોરેટરીમાં અખતરા શરૂ થયા.

પરિણામે લેબોરેટરીના નિષ્ણાત સિવિલ સર્જનોએ અને સંશોધકોએ એકમતીએ એવું નિદાન કીધું કે ઉંદરમાંથી રસી શોધી તેનું ઈન્કજેક્શન આપવાથી, એ રોગ ફેલાતો અટકશે. રસી શોધાઈ અને ઈન્જેક્શનો અપાવાં માંડ્યાં. એ પછી રોગ પર કંઈક કાબૂ આવ્યો. મરજ ફેલાતો અટક્યો.

મુંબઈ બહાર પણ નાનાં નાનાં ગામડાં અને શહેરોમાં એનો ચેપ ઊડ્યો હતો. પ્લેગ-મરકી શબ્દ સાંભળી લોકો કંપી ઊઠતા. આ કારમા રોગે અનેક કુટુંબોને પાયમાલ કરી દીધાં. સેવાધર્મ એ હિંદુ સંસ્કૃતિનું મહત્વનું અંગ. કુટુંબમાં કોઈ માંદું પડે અને રોગ ચેપી, તો પણ લોકો જાતે જ હરેક સેવા કરવાની વૃતિવાળું. પોતાના પ્રાણની દરકાર કરતું નહિ.

એ વખતે મોટે ભાગે સંયુક્ત કુટુંબનો રિવાજ હતો. લોકો માયાળુ અને ઊંચા ખવાસનાં હતાં દિલનાં ચોખ્ખાં અને મનનાં નિર્મળ હતાં. સેવાનાં ભાવિક હતાં. ભણતર જો કે ઓછું હતું છતાં વિચારસરણી ઉદાર હતી. સુખદુઃખમાં સૌ ભાગ લેતાં. કુટુંબની કોઈ વ્યક્તિ બિમાર પડી હોય તો તેની માવજત, સારસંભાળ વગેરે જાતે જ કરવામાં પોતાને કૃતકૃત્ય માનતાં.

એવી ઉદાત ભાવનાવાળા લોકો પોતાનાં બિમાર સગાંવહાલાંને સત્તાવાળા બળજબરીથી ખસેડી બીજે લઈ જાય તો કકળી ઊઠે એટલું જ નહિ પણ તેમના અંતઃકરણને જબરો આંચકા લાગે એ દેખીતું છે. મુલસમાન વર્ગમાં બુરખા-પડદાનો રિવાજ. કેટલીક વેળા સખત બોલાચાલી ને કજિયા પણ થઈ જતા.

એવા કચવાટ ધૂંધવાટથી મુસલમાનવર્ગ બેદિલ બન્યો ને બખેડો ફાટી નીકળ્યો. અમલદારવર્ગ પર એનો ખાર ઊતર્યો. કેટલાંકનાં માથાં ફૂટ્યાં. માથે ટોપો ઘાલનારા બેચાર પારસીઓ પણ ઝપાટામાં આવી ગયા. ત્રણેક દહાડા તોફાન ચાલ્યું અને છમકલાં થતાં રહ્યાં.

છેવટે આગેવાનો અને સજ્જન ગૃહસ્થોની સમજાવટ થી મામલો પાછો રાહ પર આવી ગયો. કેટલાક માસ પછી મરકીનો રોગ નરમ પડ્યો. લોકોની ગભરાણ પણ ઓછી થતી ગઈ.

મહામારીના સમયે મળેલા અનેક અનુભવો, ગંદકી, ગીચોગીચ મકાનો, હવાઉજાસની ઓછપ વગેરે સંબંધે આવેલી કડવી ફરિયાદો ઉપરાંત અનુભવી પુરુષો અને નિષ્ણાતોના અભિપ્રાયોને લક્ષમાં લઈને, શહેર સુધરાઈ ખાતાંએ શહેરની સુધારણા માટે ઈ.સ. ૧૮૯૮માં ઈમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટ ખાતાની સ્થાપના કીધી.

આમ મરકીએ મુંબઈનાં નાગરિકોમાં જબરો હાહાકાર ફેલાવી દીધો હતો. તેમાંથી થોડી ઘણી રાહત મળવા માંડી ત્યાં તો આસમાની કોપ ઊતરી આવ્યો. ચોમાસું નિષ્ફળ નીવડ્યું. આખા દેશમાં દુષ્કાળ પડ્યો. એ ઈ. સ. ૧૯૦૦, સંવત ૧૯૫૬ની સાલ હતી. એ કારમા દુકાળે ભૂખમરાથી હજારો માણસોના જાન લીધા.

મહાનગરી મુંબઈનું બંદર ચોરાસી બંદરનો વાવટો કહેવાતું. મુંબઈમાં દેશપરદેશથી ચારેકોરથી અનાજ આવતું. એથી મુંબઈગરાઓને ભૂખની વેદના ઓછી સહન કરવી પડી. વળી કેટલાક શ્રીમંત સજ્જનોએ ઓછી કિંમતની તેમજ મુદ્દલ ભાવથી મળી શકે એવી અનાજની દુકાનો ઉઘાડેલી હતી. મુંબઈ શહેર દાન, સખાવત તથા રાષ્ટ્રીય ચળવળ વગેરેમાં હમેશાં મોખરે રહેતું. આથી ગરીબગુરબાંઓને ઘણી રાહત થઈ હતી.

* * *

વિશેષ નોંધ : પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **– તંત્રી મંડળ**

શ્રી મહાવીર એમ્બ્રોઈડરી

રાજ નીકેતન બિલ્ડીંગ, ભંડારકર રોડ, પોસ્ટ ઑફીસની સામે, માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537

હાથ અને મશીન ભરતની ભારે ફેન્સી સાડીઓ અને લખનૌ ભરતની કુર્તીઓ.

સોમવાર બંધ

આરોગ્ય
પ્રકાશ

ચાલો સહેલાઈથી આરોગ્ય જાળવીએ

- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઇ), M : 8369077978

સઇલાઇથી આરોગ્ય જાળવવા માટે 'આહાર-વિહાર-આચાર અને વિચાર' આ ચાર ચીજોનો જીવનમાં અમલ કરવો જોઇએ. આહારમાં ઘરનો તાજો અને પૌષ્ટિક આહાર લેવો જોઇએ. એમાં પ્રોટીન, કાર્બોદિત પદાર્થ, ચરબી , વિટામીન્સ, ખનીજો અને રેષા (ફાઇબર) પૂરતા પ્રમાણમાં હોય. સવારના ૨ ગ્લાસ હૂંફાળું પાણી, દિવસ દરમ્યાન ૬-૮ ગ્લાસ પાણી (વજન અને જરૂિયાત મુજબ) લેવું. ખાવામાં ૧૪-૧૦ કલાકનો નિયમ પાળવો - એટલે સવારના ૮ વાગે નાસ્તો અને સાંઝે ૬ વાગ્યા સુધી જમી લઇએ એટલે રાત દરમ્યાન ૧૪ કલાકનો ઉપવાસ જે આરોગ્ય માટે ફાયદાકારક. જેમને ૬ વાગે જમવાનું શક્ય ન હોય તેમણે જલ્દી પચે તેવો હલ્કો ખોરાક સાંઝ પછીના જમણમાં લેવો. જમી લીધા પછી ૧ થી ૧.૫ કલાક પછી પાણી પીવું અને જમ્યા બાદ બેસી ન રહેતા ઘરમાં જ થોડું ચાલવું જરૂરી. જંકફૂડને ત્યાગી રેષાથી ભરપૂર એવા શાકભાજી, ફળ, અનાજ ખાઇએ. ખાલી પેટે ફળો અને અડધા કલાક પછી કાકડી, ગાજર ખાઇએ અને પછી જમીએ તો શરીરના ટોક્સીન્સ-ઝેર બહાર નીકળે. શરીર આલ્કલાઇન થાય અને નિરોગી રહેવાય. સાકર ને બદલે ગોળ (પણ ડાયાબીટીઝ ના રોગી માટે નહિં - ગોળ પણ નુકશાનકર્તા છે), તેમજ રિફાઇન્ડ તેલ ને બદલે ઘાણીનું તેલ કે ફીલ્ટર્ડ તેલ વાપરો. મેંદાનો બીલ્કુલ ત્યાગ. મીઠું ૧ ચમચી કે પાંચ ગ્રામ (દિવસભરમાં) જ લેવું. મેથી, તજ, હળદર, અળસી, અદરખ, સુંઠ, તુલસી, લીંબુ વગેરે નિત્ય લેવાનું રાખો. ડ્રાયફ્રુટ ખાસ કરીને બદામ અને અખરોટ નો નિત્ય ઉપયોગ કરો.

વિહાર એટલે હરવું-ફરવું, ચાલવું. બેઠાડુ જીવન બિમારીને નોતરે છે. જેટલું આપણે ચાલશું, કસરત, આસન, પ્રાણાયામ કરીશું તેટલું આપણું આરોગ્ય સારૂ રહેશે. આખા શરીરમાં લોહી ફરશે, શરીરના દરેક અવયવને ખૂબજ જરૂરી એવું ઓક્સિજન અને પોષણ મળશે. લોહી ઝડપથી ફરવાથી શરીરમાંથી ખરાબી-ટોક્સિન જલ્દી લીવર કિડનીમાં થઇ તેનો ઝડપથી નિકાલ થશે. સાંધાઓનું હલન-ચલન થવાથી સાંધાઓ, લિગામેન્ટસ્, સ્નાયુઓ મજબૂત રહેશે. ચાલવા-કસરત કરવાથી ભૂખ લાગશે, પાચન થશે, ગેસ કબજીયાત નહીં થાય, આત્મવિશ્વાસ વધશે અને રાત્રે સારી ઊંઘ આવશે. ટૂંકમાં કહીએ તો - ઓછું બેસો - વધુ જીવો - સારૂં જીવો. અડધા પોણા કલાક કોઇપણ કામ માટે બેઠા પછી વચ્ચે સહેજ હલન-ચલન કરવું જરૂરી. ઓફિસવર્કમાં વચ્ચેજ હરવું-ફરવું શક્ય ન હોય ત્યારે શક્ય હોય તો જગ્યા બદલવી કે બેસવાની પોઝીસન બદલવી. કસરત કરવાથી 'એન્ડોર્ફિન' નામનું હોર્મોન શરીરમાં ઝરે છે જે દુઃખાવો ઘટાડે છે, ખૂશી આપે છે. આ હોર્મોન ઝરવા માટેની બીજી સારી રીત હાસ્ય છે. જો રાજ અડધો કલાક નિયમિત કસરત કરવાથી અને હાસ્ય સભર પ્રોગ્રામ, પિક્ચર કે જોક્સ નિયમિત વાંચવાથી આખા દિવસ પૂરતો હોર્મોન શરીરમાં ઝરે છે.

આચાર એટલે આપણી ટેવો. ખરાબ ટેવોમાં ખાસ તો વ્યસન - બીડી, સિગરેટ, દારૂ, ગુટકા, જુગાર તેમજ આર્થિક લાભ માટે ખોટું કરવું - આ બધું શારિરિક, સામાજીક, માનસિક એમ દરેક રીતે નુકશાન કરી આરોગ્ય પર અસર કરે છે. આર્થિક લાભ માટે ખોટું કરનારને શરૂમાં કદાચ લાભ થાય પણ મનની શાંતિ નહીં હોય જે લાંબે ગાળે નુકશાનકારક. ખરાબ ટેવોને બદલે સારી ટેવો - કસરત, ચાલવાનું ફાયદાકારક.

જાતે પોતાનું કામ ન કરનાર બેઠાં બેઠાં બધું હાથમાં માંગનારનું આરોગ્ય ચોક્કસ બગડવાનું જ. બીજાને મદદ કરવાની ટેવ, બીજાને ફાયદો થાય, સમાજને ઉપયોગી થાય તેવી ટેવથી શરીરમાં 'સેરોટોનીન' નામનું હોર્મોન ઝરે છે, જે આપણને ખુશી આપે છે. કાંઇક કામની પ્રવૃત્તિ કરતાં રહીએ, નાના મોટા ધ્યેય નક્કી કરી પાર પાડીએ ત્યારે અને કામ પાર પાડવા બદલ પ્રસંશા થાય ત્યારે શરીરમાં 'ડોપામાઇન' નામનું હોર્મોન ઝરે છે. જેનાથી નિરાશા દૂર થઇ ખુશી મળે છે. ગૃહીણીઓના કામની પણ ઘરનાઓએ પ્રસંશા કરવી જાઇએ તો તેમની પણ નિરાશા દૂર થઇ ખુશી મળે છે. ઘરના સભ્યો માટે સતત આખો દિવસ મહેનત કરે અને પ્રસંશા ન થાય એટલે નિરાશા - ડિપ્રેશન થાય.

હવે છેલ્લે વિચાર વિશે... આપણા મન મગજમાં જે કાંઇ વિચાર ચાલતા હોય તેની ખૂબજ ગહન અસર શરીર પર, આરોગ્ય પર પડે છે. મોટા ભાગની બિમારી મન-મગજથી શરૂ થાય છે. પહેલાના જમાનામાં લોકોના મન-મગજ પર બહુ બોજ ન હતો, તાણ-ટેન્શન (ચિંતા) ન હતા

એટલે આયુર્વેદાચાર્યોએ કહેલું કે મોટા ભાગની બીમારીઓ પેટથી શરૂ થાય છે. આપણા વડીલોમાં અસંતોષ, ઈર્ષ્યા અદેખાઇ. રાગ દ્વેષ, નાની નાની વાત પર ગુસ્સો જેવા નેગેટીવ પરિબળો બહુજ ઓછા, નહિંવત હતાં જ્યારે આજકાલ આવા નેગેટીવ ફેક્ટર એટલા બધા છે કે એ આપણા આરોગ્યને ખૂબજ નુકશાન કરે છે.

હજી લોહીની તપાસના મશીન, એક્સરે, ઇસીજી, સીટી સ્કૅન વગેરેના મશીનની જેમ મન-મગજની શરીર પર, આરોગ્ય પર કેટલી અસર થાય છે તેના મશીન નથી શોધાયા. હા, સર્વે થયા છે. જીવનમાં - પોતાના કામકાજથી અસંતોષ હોય તો બીપી વધુ રહે, હાર્ટએટેકનું જોખમ રહે. નાની નાની વાતમાં ગુસ્સો કરવાથી, સંતાપ થવાથી એસીડીટી, બી.પી. હાઇ કે લો થાય. સ્ટ્રેસ-ટેન્શનથી ઘણી બિમારીઓ થાય છે તેના સર્વે થયા છે પણ મશીન નથી શોધાયા એટલે આપણને સૌને ખ્યાલ નથી આવતો કે મન-મગજ આપણા વિચાર આપણા આરોગ્ય પર કેટલી અસર રહે છે. આપણા વડીલોએ અમસ્તું જ નથી કહ્યું ''ચિંતા, ચિતા સમાન'' તાણ-ટેન્શન દૂર કરવા, મન-મગજ શાંત કરવા ''ઓછું બોલો, ધીમે બોલો, સારૂ બોલો''. પોઝીટીવ થીન્કીંગ - જીવનમાં હકારાત્મક અભિગમ રાખો, તકલીફના રોદણાં રડવાને બદલે હસી-ખુશી જીવો. ''શીરે ભાર લઇ ફરશો તો જીવન કરમાઇ જશે, હસતાં-રમતાં જીવશો તો જીવન બદલાઇ જશે.'' આત્મવિશ્વાસ વધારો.

ડૉક્ટરોને નમ્ર વિનંતી છે કે પોતાના થોડા ફાયદા માટે દરદીને ડરાવવાને બદલે હિંમત આપે, સાચું માર્ગદર્શન આપે, બીનજરૂરી દવાઓ કે સ્ટેરોઇડ ન આપે. જરૂરી હોય તે જ ટેસ્ટ કરાવે. લોકોને રાહત આપનાર, પીડા હરનાર એવા આપણા ઉમદા સેવાવાળા પ્રોફેશનને બટ્ટો (લાંછન) ન લગાડીએ. આપણો આત્મા ડંખે એવું ન કરીએ. દરદી માટે ખરા અર્થમાં ડોક્ટર બનીએ. ફક્ત ઇંજેક્શન ગોળી આપી, પ્રીસ્ક્રીપ્શન લખી આપવા સાથે ખાવા-પીવા વિશે ચાલવા કસરત વિશે, મન-મગજ પર થતી અસર વિશે, વિગતવાર સમજાવી દરદીનું આરોગ્ય જાળવવામાં મદદ કરીએ. છેલ્લા કેટલાક વખતથી દવાની કંપનીવાળાએ પોતાની દવા વધુ વેંચાય તે માટે બી.પી. અને ડાયાબીટીઝની નોર્મલ લીમીટ ઘટાડી નાખી છે. ડૉક્ટરે વિવેક બુધ્ધીથી દરદીની ઉમર પ્રમાણે ખરેખર તેને ગોળીઓની જરૂર છે કે નહિં તે જોવું. બૉર્ડર લાઇન કે સહેજ રિપોર્ટ એબનોર્મલ હોય તો દરદીને લાઇફસ્ટાઇલ ચેન્જ કરવા, ખાવાપીવા પર ધ્યાન આપવા, બેઠાડુ જીવન ત્યજવા, ધ્યાન મેડીટેશન, આસન કરવા વગેરે પર ભાર મૂકવો. સહેજ બી.પી. હોય તો મીઠું આખા દિવસમાં ફક્ત ૧ ચમચી (૫ ગ્રામ), સંતોષી બનવા પર ભાર મૂકવો. સંતરા, મોસંબી, આમળા, જાયફળ, લીંબુ, કોબી, કુદરતી રીતે પાકેલા કેળા, અખરોટ, ટેટી, તરબૂજ નો ખાવામાં ઉપયોગ કરે એ ભાર મૂકી દરદીઓને ગોળીઓની આડઅસરથી બચાવે. ધ્યાન, મેડીટેશન, સવાસન નિયમિત કરે, વ્યસન છોડે, કેફીનવાળા પદાર્થો ન લે. સહેજ ડાયાબીટીઝ હોય તો ગળ્યા પદાર્થ બંધ કરી, ગોળી ને બદલે કારેલા, જાંબુ, જાંબુના બી નો પાવડર, મેથીના દાણા, કડવા લીમડાના પાન નિયમિત લે, નિયમિત ચાલે, બેઠાડુ જીવન ત્યજવા પર ભાર આપવો. દરદીને યોગ્ય માર્ગદર્શન આપી દવાની કંપનીના વિષચક્રમાંથી બચાવીએ.

આરોગ્ય માટેના થોડા સુત્રો : ૧) પહેલુ સુખ તે જાતે નર્યા, ૨) પેટ કો રખો નરમ પૉંવ કો રખો ગરમ, શિર કો રખો ઠંડા ફિર વૈદ કો મારા ડંડા, ૩) પેટનો ઘેરાવો જેટલો વધુ આયુષ્ય એટલું ઓછું, ૪) ઓછું ખાવ વધુ જીવો, ઓછું બેસો વધુ જીવો. ૫) પાંચ વાગે ઉઠવું ૯ વાગે જમવું, સાંઝે ૫ વાગે જમવું ૯ વાગે સુવું - સો વર્ષનું આયુષ્ય, ૬) ખાવાનું કરો અડધું, પ્રવાહી લેવાનું કરો બમણું, ચાલવાનું રાખો ત્રણગણું, હસવાનું રાખો દશગણું, ૭) સ્વાદ છોડો એટલે શરીર સ્વસ્થ, અને વિવાદ છોડો એટલે સંબંધ સ્વસ્થ, ૮) જીભ કે મોં દ્વારા જે શરીરમાં જાય છે (ખોરાક) અને જીભ કે મોં દ્વારા બહાર આવે છે (શબ્દો) એના પર કાબુ એટલે જીવન સુખી.

આરોગ્ય જાળવવા આપણે જેટલું કરીએ તેટલું ઓછું છે. સૌને નમ્ર વિનંતિ છે કે ''ખાઓ પીઓ ઔર મજા કરો... કલકો કિસને દેખા'' એ વિચાર છોડી આરોગ્ય જાળવવા આપણે થોડા પ્રયત્ન કરીશું તો આપણે પણ સુખી થઇશું અને ઘરના સભ્યો પણ સુખી થશે. સૌ નિરોગી રહો અને સુખી થાવ.

(સંપુર્ણ)

Exclusive Embroidery & Upto date Finishing

Sachi Jari Mate Real Nam

જ્યોતિ

SILK SAREE EMPORIUM

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574 **Sunday Closed**
Originally at Zaveri Bazar since 1976

જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

નિધિ મોતાની કેલીગ્રાફી કળા

લોક ડાઉનમાં મળેલી નવરાશનો સદુપયોગ કરી હૈદરાબાદની નિધિ જીજ્ઞેશભાઈ મોતાએ કેલીગ્રાફી કળામાં દક્ષતા હાંસલ કરી છે.

કેલીગ્રાફીનો વિકાસ મૂળ ઉર્દુ અક્ષરોને કળાત્મક બનાવવા થયો હતો પણ સમય જતાં એ દરેક ભાષાના કળાત્મક અક્ષર રચનામાં થાય છે.

ખૂબ ધીરજ અને ખંત સાથે કળાસૂઝ આની પાયાની જરૂરિયાત છે. મૂળ લાખણિયાના જીજ્ઞેશભાઈના દિકરી મેટ્રિકની પરિક્ષા આપનાર નિધિ મોતાને નાનપણથી જ કળામાં રુચિ જાગૃત થયેલી. પોતાની આવડત અને સૂઝથી ડ્રોઈંગ, પેન્ટિંગ, નેઈલ આર્ટની પ્રેક્ટિસ કરે છે.

સમયસર સહાયથી કેડીઓ માજીને નવજીવન

ઘાટકોપરમાં એકલવાયા નિરાધાર માજીને સમયપર ટોમેશ કાંતિલાલ નાગડાના પ્રયાસથી મદદ અને સારવાર મળો જતા નવજીવન મળ્યું છે. જે ખરેખર એક ઉત્તમ સહાય છે. એકલા રહેતા ૭૦ વરસના તરલાબેન વેલજી ધરમશી એક તો આર્થિક રીતે અક્ષમ અને બીજું કોઈ જોનાર નહીં. તેમની નાની મોટી જરૂરિયાતની સમાજની સહાય અને આસ પાડોશના રહેવાસીઓથી પૂર્તિ થતી રહે છે.

એક દિવસ અચાનક ફિટ આવતાં તેમની હાલત કથળી એ સમયે ટોમેશભાઈને જાણ થતા તેમણે તરલાબેનને હૉસ્પિટલમાં દાખલ કરવાના પ્રયાસ કર્યા. આમા કોરોના રોગચાળાના લીધે હૉસ્પિટલમાં આઈ સી યૂ બેડ ઉપલબ્ધ ન હતા ત્યારે હિન્દુ મહાસભા સાથે કોવિડ-૧૯ માટે જોડાણ ધરાવતા વિરજી લધા વિદ્યાર્થીગૃહના માનદ્‌મંત્રી શ્રી નરેશભાઈ મોમાયા મારફત બેડ રિઝર્વ કરાવી તરલાબેનને દાખલ કરાવ્યા તથા નરસી નાથા મેડિકલ ટ્રસ્ટ દ્વારા રૂા. ૫૦,૦૦૦/- તથા જીવીસી સંઘ પાસેથી સહાય મેળવી તબીબી ખર્ચની વ્યવસ્થા કરી આપી. તાજેતરમાં તરલાબેને સ્વસ્થ થઈ હૉસ્પિટલમાંથી રજા મેળવી લીધી છે.

કેન્સરના દર્દીઓને સહાયતાર્થ શારવી મોતાનું કેશ દાન

કેન્સરના દરદીઓ ખાસ કરીને કેમોથેરેપીના પગલે વાળ ગુમાવી દે છે. એ હકીકત ધ્યાનમાં રાખી શારવી કમલેશ મોતાએ પોતાના વાળ કેન્સરના દર્દીઓની સહાયતાર્થ દાન કરી દીધા છે.

શારવી મોતા આપણા જાણીતા નાટ્ય – ફિલ્મ ક્ષેત્રના વિખ્યાત કલાકાર કમલેશ મોતાના પુત્રી છે. ફિલ્મ – ટીવી વગેરેમાં અભિનય ક્ષેત્રે પ્રવૃત્ત શારવી મોતાએ આઠ વરસની ઉંમરે પોતાની દાદીને કેન્સરના રોગના લીધે વાળ ગુમાવતા જોઈ મનોમન એવો સંકલ્પ કર્યો હતો કે તે સમય આવ્યે કેન્સર રોગીઓની સહાયતાર્થ પોતાના ટિયારા સમ કેશનું દાન કરશે. આ સંકલ્પ તેણીએ તાજેતરમાં ટાટા મેમોરિયલ હૉસ્પિટલમાં પોતાના ૯ ઈંચ લાંબા કેશનું દાન કરી પૂર્ણ કર્યું છે.

કોઈ યુવતીને પોતાના વાળનું દાન કરવું એ ખરેખર ભારે સાહસનું અને દઢ ઈચ્છા શક્તિનું કામ છે.

વતનના વર્તમાન

કચ્છના મીઠા ઉદ્યોગને કોરોનાનો લાભ

લોક ડાઉન દરમિયાન કચ્છમાં ઉત્પાદિત મીઠાનો મોટો જથ્થો જમા થઈ ગયો હતો. અલબત્ત જૂદા જૂદા કારણોને લીધે છેલ્લા બે મહીનામાં મીઠાનો ઉપાડ ૪૦ ટકા જેટલો વધી જતા કચ્છના મીઠા ઉત્પાદકોને જબરદસ્ત

MEDI-CLAIM EXPERT
CLAIMS SETTLEMENT
• REJECTED / DELAYED CLAIMS
• POLICY FROM ALL COMPANIES COVERED
CONTACT EXPERT : 98208 53112

સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...
પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, ફુલહારી, ધારવાડી, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે.
તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.
તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.
સોનલ આર્ટ
Mob.: 99678 41792
'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફિસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

ફાયદો થયો છે.

અત્રે નોંધવું જોઈએ કે દેશનાં મીઠાની કુલ માગના ૮૦ ટકા આપણું વતન સંતોષે છે અહી વાર્ષિક ત્રણ કરોડ ટન મીઠું તૈયાર થાય છે.

મીઠા ઉદ્યોગના સૂત્રો મુજબ સરકારી યોજના તથા અન્ય કારણોસર માગમાં ૪૦ ટકા વધારો થયો છે. આનું મુખ્ય કારણ લોકડાઉનના લીધે તકલીફમાં મુકાયેલા વર્ગને વિવિધ સરકારી અને સાર્વજનિક સેવા સંસ્થાઓ દ્વારા કરોડો લોકોને અપાયેલી રેશન કીટ પૈકી દરેકમાં એક-એક કીલો મીઠું આપવામાં આવ્યું છે. જ્યારે સાવચેતીના ભાગ રૂપ મીઠાંના પાણીના કોગળા કરવા તથા શાકભાજી ધોવા માટે પણ મીઠાના પાણીનો ઉપયોગ કરવાની ભલામણના લીધે કરોડો પરિવારો મીઠાનો ઉપયોગ કરી રહ્યા હતા. આથી મીઠાની માગમાં વધારો થયો હોવાનું કહેવાય છે.

જગતમાં મીઠાનો સૌથી મોટો ઉત્પાદક ચીન, બીજા નંબરે યુએસ અને ત્રીજા નં. ભારત છે. ભારતમાં સૌથી મોટું ઉત્પાદક ગુજરાત છે જેમાં ૮૦ ટકા ફાળો કચ્છનો છે.

માતાના મઢનો નવરાત્રિ કાર્યક્રમ

માતાના મઢ અશ્વિન/શરદ નવરાત્રનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. કોવિડ-૧૯ ના કારણે સરજાયેલી પરિસ્થિતિને જોતાં એ સમયની પરિસ્થિતિ મુજબ સરકારી નિયમન મુજબ ઉત્સવનું આયોજન થશે.

૧૬મી ઑક્ટોબરના ઘટસ્થાપન બાદ નવરાત્રિ શરૂ થશે. માતાના મઢ જાગીરના અધ્યક્ષ રાજા બાવા યોગેન્દ્રસિંહજીના જણાવ્યા મુજબ ઘટસ્થાપન નવરાત્રિ પ્રારંભથી પતરી સુધીનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. ઘટસ્થાપન અધિક આસોવદ અમાસ તા. ૧૬/૧૦ ના રાત્રે ૯.૩૦ વાગ્યે થશે જ્યારે નવરાત્રિ પ્રારંભ તા. ૧૭/૧૦ ના થશે. તા.૨૩/૧૦ ના ૧૦.૦૦ વાગ્યે હવન પ્રારંભ, ૧.૩૦ વાગ્યે પુર્ણાહુતિ તથા પતરી(જાતર) તા. ૨૪/૧૦ શનિવારના સવારે યોજાશે.

પાલર ધૂનો

કચ્છનો પ્રખ્યાત પાલર ધૂનો એ નખત્રાણાનો પ્રખ્યાત પિકનિક સ્પોટ છે. જો કે એની ઊંચાઈ ઓછી છે પણ એની ભૌગોલિક રચના અને કોતર કોઇ મોટા ધોધથી જરા પણ ઉણી ઉતરે એમ નથી.

ક્લાસિક ઘર વાપસી

મુંબઈ મહાનગરમાં વકરી રહેલી કોરોના રોગચાળા જનિત સ્થિતિથી કંટાળીને કોઈકની ખરચી ખૂટતાં વતન પરત આવી રહ્યા છે. જેમના ઘર છે, ખેતીવાડી છે તેમણે તો ઘર ખોલી ખેતીવાડીના કામકાજ શરૂ કરી દીધા છે. ઘર નથી તેઓ હાલ અતિથિગૃહ વેગેરેમાં રહી સમય વ્યતિત કરી રહ્યા છે. આમ હાલ અસ્થાઈ ઘર વાપસી ભવિષ્યમાં સ્થાયી રૂપ બની શકે એમ લાગે છે.

ફ્લેમિંગો નું આગમન

' મીં ' ના મંડાણ સાથે ફ્લેમિંગોનું આગમન શરૂ થઈ ગયું છે. હાલ આ નયનરમ્ય પક્ષીઓએ રણવિસ્તારના

હાર્દિક અભિનંદન



શ્રી કેતન શીવજી વિકમશી (C.A.)

ભારતની સૌથી મોટી બેંક **'સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં'** સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટર્સમાં ડાયરેક્ટર તરીકે ચુંટાઈ આવ્યા તે બદ્દલ ગર્વ અનુભવીએ છીએ.

ગર્વમેન્ટ બેંકમાં ડાયરેક્ટર થવાનું માન શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિમાંથી પ્રથમવાર મેળવેલ છે.

શ્રી કેતનભાઈ અને **શા. શીવજી કુંવરજી વિકમશી** પરિવારને ખૂબ ખૂબ શુભેચ્છા.

શુભેચ્છા સહ :

રાવસાહેબ શાહ ગોવિંદજી ખીમજી દંડ પરિવાર - ધુલિયા

શા. દામજી વેલજી ડાઘા પરિવાર - અહમદ નગર

અ.સૌ. કલ્પના મયુર લક્ષ્મીચંદ ધરમશી (ભાટે) પરિવાર - ધુલિયા

અ.સૌ. શિતલ દિપક હીરાચંદ મોમાયા પરિવાર - મુલુંડ

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઇનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે

Since 1982...

Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229



અમરાપર, ખડીર અને શીરાની વાંઢમા ફ્લેમિંગોના મોટા ટોળાં ઉતરી આવ્યા છે.

અબડાસા સિંચાઈ યોજના

કચ્છની નાની મોટી સિંચાઈ યોજનાઓની નહેરોની રિપેરિંગ, તળાવ ઊંડા કરવા, ચેક ડેમ સુધારણા વગેરે કુલ ૨૯૨ કામ મંજૂર થયા છે તે પૈકી અબડાસાના કનકાવતી મીઠી અને જંગડિયાની કેનાલોની મરામત વગેરે કામોનો સમાવેશ થાય છે.

અબડાસામાં 'મીં'મામાની મહેર

તેરા, કોઠારા, નલિયા, વારાપધ્ધર સહિત મોટા ભાગના તળાવ, તળાવળીઓ ઓગની ગયા છે. ક્યાંક ભારે વરસાદના કારણે આગોતરી વાવણીના પાકોને નુકસાન થયું છે. સિંધોડી કોઝવેની પાપડી પર પાણી ચઢી જતાં ગામમાં જવાનો રસ્તો બંધ થઈ ગયો હતો.

ભસર ભૂરા ખોયલા

ભસર ભૂરા ખોયલાની અલ્પ માંદગીમાં વિદાય સાથે કચ્છી ચર્મકલા રાંક બની છે.

કચ્છની ચર્મકલાને જીવંત રાખવા અને તેના પ્રચાર પ્રસાર તથા વિકાસના પ્રણેતા ભસર ભૂરા ખોયલાને ૧૯૮૩માં રાષ્ટ્રીય પુરસ્કાર તથા ૨૦૧૩માં રાષ્ટ્રીય શિલ્પ કલાગુરૂ એવૉર્ડ એનાયત થયો હતો.

ચર્મકલા ઉપરાંત તેઓ આરાધી વાણીના ઉત્તમ કલાકાર હતા. રામસાગર સાથે ઘડા ઘમેલા તાલે મંજીરા વગાડતા આ બન્ની વિસ્તારના લોકગીતને તેમણે આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચાડ્યા. દિલ્હી ક્રાફ્ટસ્ મ્યુઝિયમના ડિરેક્ટર જ્યોતિન્દ્ર જૈને તેમની કલા પારખી ઈંડિયન કાઉન્સિલ ફોર કલ્ચરલ રિલેશન્સના નેજા હેઠળ ટોકિયો (તોકયો) માં ભાગ લીધો હતો. ત્યાર બાદ સિંગાપુર, ઈંગ્લેન્ડ, જર્મનીમાં પણ આરાધી ભજનોની પ્રસ્તુતી સાથે કચ્છની ચર્મકલાનો પ્રચાર પણ કર્યો હતો.

ખમીરવંતી ખીચડી

ખીચડી-કઢી એ આપણું પસંદગીનું વાળુ, આ ખીચડીમાં અનેક ગુણ છે. પચવામાં સરળ, હલકી અને બનાવવામાં પણ ઈઝી. એક સંશોધન મુજબ ખીચડીમાં લગભગ ૧૬ પ્રકારના પોષક તત્ત્વ હોય છે. જેમાં જિંક (જસત) ફોસ્ફોરસ, પોટેશિયમ, મેગ્નેશિયમ, સોડિયમ, આયર્ન, કેલ્શિયમ, વિટામિન એ / બી-૬ / સી અને ઈ, ઉપરાંત કાર્બોહાઈડ્રેટ્સ તથા ડાયટરી ફાયબર છે. એમાં ૨૮૦ કેલરી અને પ્રોટીન પણ છે. એવી ગુણવાન ખમીરવંતી ખીચડી ક્યારેક ખાવ કે રોજ રોજ, જરા પણ કંટાળો ના આપે.

એના પ્રચાર-પ્રસાર માટે જગદીશભાઈ જેઠવાએ પોતાની સારી હોદ્દાવાળી નોકરી છોડી વડોદરામાં ખીચડી હાઉસ શરૂ કર્યું છે અને જાત જાતની ખીચડી પીરસે છે.

શ્રમિક વાપસી

લોક ડાઉન લાગુ થયા બાદ ઘર-વતન પરત ગયેલા શ્રમિકોને પાછા લાવવા માટે / તેઓ પાછા આવી શકે એ માટે ખાસ ટ્રેનો શરૂ કરવાની માગણી રેલ્વે સલાહકાર સમિતિના કચ્છ વિભાગના મેમ્બર જગદીશ નાહટા અને જીતેન્દ્ર જૈન સેઠીયા એ બાડમેર, ગાંધીધામ , બરેલી,વગેરે અન્ય રાજ્યોના કેન્દ્રોથી ખાસ ટ્રેનો શરૂ કરવાની માગણી કરી હતી.

- સંકલન : **કેશરસિંહ ખોના**

શ્રધ્ધાંજલિ



ધર્મેન્દ્ર રતિલાલ નાગડા

જખૌ, માટુંગા

કર્મઠ, સેવાભાવી ધર્મેન્દ્રભાઈ નાગડા ૧૦ જુલાઇ ૨૦૨૦ ના અરિહંત શરણ પામ્યા છે.

ધર્મેન્દ્રભાઈ જ્ઞાતિને સ્પર્શતી બાબતો અંગે પોતાના સ્પષ્ટ અને નિર્ભિક વિચાર પ્રકાશ સમીક્ષામાં પ્રસ્તુત કરતા હતા. એમની જ્ઞાતિ સેવાને હાર્દિક શ્રધ્ધાંજલિ.

પ્રકાશ સમીક્ષા સમિતિ

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

અવસર સારીઝ

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

Education Square

The following are the courses you can join in a science stream, post 10th or 10+2:

Mrs. Harsha Hemang Dharamshi, 9819322638,
Mrs. Dipti Anil Dharamshi, 8108032109

Paramedical courses:

These professional courses are being offered by number of paramedical education institute across India. Paramedical courses train students and make them capable of becoming allied healthcare workers. These are unique and are different from nursing, medicine and pharmacy.

They are very important to the healthcare system and actively contribute towards the system's efficient functioning. Paramedics are part of a doctors team and play a key role in the team. Paramedics work in areas such as diagnostic, technical, patient care and therapy, based on their qualification and specialization. It is a profession that can bring smile on the face of a patient. These courses are in three categories - Bachelor degree courses, Diploma and Certificate courses.

Bachelor degree courses can be pursued after completing 10+2 science stream with Physics, Chemistry, and Biology subject.

1. Degree Courses:

B.Sc. in Operation Theatre Technology
B.Sc. in X- Ray Technology
B.Sc. in Radiography and Medical Imaging
B.Sc. in Dialysis Technology
B.Sc. in Medical Record Technology
B.Sc. in Medical Laboratory Technology
B.Sc. in Ophthalmic Technology
Bachelor of Occupational Therapy
Bachelor of Physiotherapy
B.Sc. in Speech Therapy
BASLP Course
B.Sc. in Audiology
B.Sc. in Anesthesia Technology
B.Sc. in Audiology and Speech Therapy
B.Sc. in Optometry.

2. Diploma courses:

Diploma courses can be pursued after 10 + 2 or 10th, it depend upon the institute and the type of the courses offered.

Diploma in Operation Theatre Technology (DOTT)
Diploma in X- Ray Technology
Diploma in Radiography and Medical Imaging
Diploma in ECG Technology
Diploma in Dialysis Technology
Diploma in Medical Record Technology
Diploma in Medical Laboratory Technology (DMLT)
Diploma in Ophthalmic Technology
Diploma in Physiotherapy
Diploma in Anesthesia Technology
Diploma in Nursing Care Assistant
Diploma in Sanitary Inspector
Diploma in Hearing Language and Speech (DHLS)
Diploma in Dental Hygienist
Diploma in Audiometry Technician
Diploma in Audiology and Speech Therapy
X-Ray/Radiology Assistant (or Technician)
Medical Laboratory Assistant
Operation Theatre Assistant
Nursing Care Assistant (Certificate)
ECG Assistant
Dental Assistant
Ophthalmic Assistant
CT Scan Technician
Dialysis Technician
MRI Technician
GNM (General Nursing and Midwifery)
ANM (Auxiliary Nursing and Midwifery)
Diploma in Pharmacy.

3. Certificate courses:

Certificate courses are entry level courses .They are not as valued as their degree and diploma. Certificate level paramedical courses help you to get assistant level job at relevant places.

X-Ray/Radiology Assistant (or Technician)
Medical Laboratory Assistant
Operation Theatre Assistant
Nursing Care Assistant (Certificate)
ECG Assistant
Dental Assistant
Ophthalmic Assistant
CT Scan Technician
Dialysis Technician
MRI Technician

Bhavika (Heffa) Lad
Email: bhavikahappy2help@gmail.com

DREAM HOPE for HOPE 1000

After reading open letter for an appeal of **Hope 1000 development.** I very much appreciate that Mr. TILAKCHAND LODAYA still trying best for this project.

Tilakbhai, I have always seen your affection towards the community with different types of contribution towards the same, which maybe giving views and advice through articles in our community journal or conducting seminars, groups etc.

As per my understanding about HOPE 1000, it was formed with like minded people, whose aim was development of community and they all were very successful in life having great thinking and ability to change the graph of community.

Each one was an institution themselves.

No one in this Hope1000 committee needs introduction.

Everyone knows Raichand Hansraj Dharamshi, Jayant Soni, Tilakchand Lodaya, Kuleen peer and so on .

Because of such personalities in the committee, community members came together to invest in project and trusted that there will be progress and development and successful completion of same. Lots of them were first time buyers and had build the dream for their home.

Happening between sip and slip of cup of tea, some time looks very abnormal, which took 25 years of stalwart's time, energy and money with hope of many.

Fact of time is that project has not seen light of the day, which has resulted in trust deficit between plot holders and Hope 1000 committee. To regain the trust of plot holders, one of the option can be a complete new face of Hope 1000 committee.

As everyone knows the current scenario of Real Estate and Economy, it is in doldrums starting with demonetization, GST, new DCR, latest CORONA and so on.

Keeping all the above facts in mind for **Redesigning, Resetting and Repurposing** our community goals of HOPE, I think Anantnath Trust is capable to be new face. I am recommending this team's name due to two reasons, one is the funds and second being a capable team members whom I absolutely TRUST. This team has already performed successfully for community in 2010-2015, so it has a proven track record.

And I personally feel that Nayan Bheda, who is a builder himself, can take this project with our request, if he feels. He can take ahead this project with flying colours.

"A real value of our lives is in how we use our time, as we drive from the womb to the tomb".

"Wasting time is worse than wasting money".

So considering essence of time, let's start a fresh.

Last but not least, in my view Hope 1000 can transfer complete project **as is where is basis** to Anant Nath trust and in lieu of same Anant Nath trust will keep Hope 1000 intentions and dreams **as is where is basis too...**

Blessing from Anantnath Dada and Mahakali Maa would be there if things are taken positively. **- Kumar B. Dand,** Mumbai



Career Nook

PCB - But I don't want to become a Doctor

Bhavika (Heffa) Lad
Email: bhavikahappy2help@gmail.com

At this juncture, you have two options to pursue further education for career:

1) PCB related career options
2) Non science career options.

If you enjoy studying Physics, chemistry and Biology, or any one of them, it is highly preferred you choose PCB related career options. Study style and syllabus in science graduation stream is very different then 11th & 12th, it's more practical, scoring and has abundant future scope. You can read and explore about these few below options which are PCB related for you before deciding on a pathway. Please read / refer / believe information from authentic sources like registered govt approved institutes, psychologists. Do not blindly believe coaching classes or teachers. Remember they are teachers and not career counsellor or psychologist or registered professional institute for said courses.

For any particular course further details, u can email me

With PCB as subjects in 12th, U can further study:-

❖ Paramedical courses like Physiotherapy, Occupational Therapy, and Radiology, Nursing etc (Entrance Exam - NEET UG and other pvt exams) https://ntaneet.nic.in / ntaneet/welcome.aspx

❖ BSc + MSc courses with specializations like physics, chemistry, biochemistry, microbiology, industrial microbiology, zoology, botany, agriculture, genetics, biotechnology etc and perusing career in research with private companies or govt agencies, even Indian defence or perusing career in teaching or Banking or Civil services

❖ Pharmacy (Entrance Exam NEET and other pvt exams)

http://www.dtemaharashtra.gov.in/index.html

Pharmacy Council of India - http://www.pci.nic.in/

http://www.pci.nic.in/ForStudent.aspx

http://www.mspcindia.org/ - Maharashtra State Pharmacy Council

http://www.ipapharma.org/

❖ With BSc in Physics, you can pursue career in Quantum physics, astronomy, astrophysics etc

❖ You can also study B. Voc course in pharmaceutical science / green house management / medical lab technician

❖ BSc / MSc in Forensic Science

❖ Medical careers like MBBS / BUMS / BHMS / Dentistry

https://www.mciindia.org/CMS/

https://www.mciindia.org/CMS/information-desk/for-students-to-study-in-india/list-of-college-teaching-mbbs

http://www.dmer.org/new/

❖ With PCMB you can also pursue additional options like Biomedical engineering / biotechnology / bioinformatics etc

Please note with graduation in pure sciences - P / C / B related subjects, you have numerous scope in teaching / govt jobs / going in for entrepreneurship with the help of MSME etc govt. schemes.

Above options are only indicative and not exhaustive.

પાસ થયા અભિનંદન

નોંધ : જ્ઞાતિના S.S.C. કે તેથી ઉચ્ચ પરીક્ષામાં પાસ થનાર સૌના પરિણામ અને ફોટા આ કૉલમમાં બ્લૅક ઍન્ડ વ્હાઈટમાં વિના મૂલ્યે છપાશે.

જયરાજ ગૌતમ મૈશેરી
મોટી સિંધોડી
S.S.C. (CBSE)
96.8%

BEING JAIN

UNDERSTANDING THE UNIVERSE- A MATTER OF TIME ??

- Shilpa Ajani (B.com, DG, FGA (Lon), FFIG)



In our school days, we were taught about living and non-living substances while studying Biology. Through Physics, we learnt about the theories of rest and motion.

We know about the Big Bang theory and other theories each defining their version of how this universe was formed. The definitions and theories in modern science keep changing with newer discoveries and propounded theories.

On the other hand, Jainism has clearly defined the whole cosmos with the minutest of details much, much earlier than modern science which came into existence just a few hundred years ago. What makes Jain outlook fascinating is that there are no 'ifs' and 'buts', only definite specifications with detailed descriptions. Isn't it a wonder of wonders? Let us today explore the interesting and intriguing basic Jain cosmology about the universe.

According to Jain cosmology, universe hasn't been created. It has been there always and will remain so forever. It has no beginning and no end. The universe or Loka consists of six entities (Dravyas) namely, Jeeva (soul), Pudgal (Matter), Akash (Space), Dharma(ether or medium of motion), Adharma (anti-ether or medium of rest) and Kaal (Time).

Based on the various aspects of their nature, these six constituents are generally categorised as:

Jeeva (living) and Ajeeva (Non- living). Except for the Jeeva, all other five substances are non-living.

Astikāya and Anastikaya: A substance which is existent with many space-points is called Astikāya (extended substances). Only Kaal is Anastikaya because it occupies only one unit of space (Pradesh).

Now let us understand the special attribute of each Dravya.

1) Jeeva (Soul) : We can comprehend and recognise this formless entity only through its innumerable characteristics or qualities, the principal being consciousness (gnan). This attribute distinguishes the soul from the remaining five non-living entities of the universe which have no consciousness.

2) Pudgala (Matter) : Modern science gave us the definition of an atom(anu) to be the smallest indivisible particle of matter; till protons, neutrons and electrons were discovered, whereas our Jain Aagamas (scriptures)have defined Parmanu to be the smallest indivisible particle which is so fine that in comparison to it an atom is what a mountain is to a mole hill! It is interesting to note what the word Pudgala signifies. 'Pud' means 'Puran' or association and 'gala' means 'Galan' or dissociation. All matter undergoes this process continuously, all the time and modern chemistry now tells us that chemical reactions often involve association and dissociation of two or more molecules.

(3) Aakash (Space) : Akashastikaya is that constituent of the universe which provides room to all other substances to exist within it . The unique characteristic of space is that it extends beyond the universe too (Aloka), where there is nothing but space (Alokakash). The rest five substances are limited to the universe .

(4 & 5) Dharmastikaya & Adharmastikaya (Ether and Anti-Ether) :

Now comes the introduction of a fascinating pair of substances Dharmastikaya and Adharmastikaya. Sir Isaac Newton gave us the laws of motion in 1687.They describe the relationship between a body and the forces acting upon it and it's resultant motion.These laws ignited the Industrial Revolution of the 18th & 19th centuries. Our Shastras have described the medium of motion(Dharmastikaya) whose function is to help the Jeeva and the Ajeeva to move while the medium of rest

(Adharmastikaya) helps them remain stationary. What is most enthralling is the fact that no other philosophical system has anything even vaguely resembling this thought.

6) Kaal (Time) : Kaal, as a dravya is Anastikaya and exists in the form of infinite time particles (Kaalanu) which are present in the entire Loka. The smallest unit of time is a 'samaya' which is defined as the time taken by one pudgal parmanu to travel from one unit of space to the next unit of space. It is said that within the time taken for batting an eyelid, infinite samayas pass by. The definition of an 'attosecond' (1×10^{-18} of a second), which was given by Modern Physics only in the beginning of this millennium, is astoundingly similar !

Jain cosmology explains these universal substances in great details. We have barely touched the tip of the iceberg. With the passage of time, as Modern Science discovers more and more, we are bound to be all the more awestruck by the extent and the depth of the knowledge of our great seers !

* * *

A VADA (વડા, बडा, Leader)

Tilakchand K. Lodaya, Chennai.
(Former Chief Commissioner of IncomeTax)

- In this parable (રૂપક), I am taking an example of a VADA made of Black Gram, અડદ, उडद, Uddu - a famous breakfast snack in South Indian and now in many homes all over India.
- Along with my siblings as a urad/ black gram, I was growing happily in the field. I used to dance in the breeze, bathe in the sunlight, cooling in the moon light and had a mystic ecstasy in the morning mist as from one seed we became hundreds of seeds. Our only activity was non- activity. My existence was nothing but a bliss. Within me, Gods lamp of love burnt brightly.
- And lo! One morning a sickle cut our mother plant. We were stacked in a heap. After few days in a concentration camp, we became dry. Few human hands bashed us all on the floor and we all siblings were seperated and put in a gunny bag and stacked in a dark godown. Was suffocated and could not bear the wait of bags staked above me.
- Then I was sold in the wholesale market and subsequently to a grocery store.
- One lady purchased the packet where I was there. She was praising that I am of a good quality but never knew about the tragedy that was about to follow.
- In the daytime all of us in the packet were crushed and our body was split in to two parts. As if this was not enough in the night we were soaked in water for 10 hours. My body had bloated and became double. Our skin was ripped off. Now I thought there will be some respite. But but .. to our misery, we all were put in a grinder and reduced to a smooth paste. In the sound of the grinder our cries went unheard.
- As if this was not enough, the lady added salt, green chillies and black pepper to our injuries. Our tears went to make the paste tastier.
- The ultimate climax of pain was when we were put in a boiling hot oil for frying.
- And within minutes, some one ate my fraternity and me along with Chatney and hot Sambhar/ Rasam, crushing between his/her teeth and smilingly telling WHAT A LOVELY CRISP VADA!But alas, our hell was someone's heaven. So we silently withstood all the inflicted pains.
- Is it not similar the plight of this VADA, undergone by many of the social વડા, बडा, (leaders), who undergo all such ordeals for their selfless work ethics for self satisfaction and in the service of the Almighty. Untiring work, fault findings, criticism, abuses, allegations, neglect of personal affairs and family members, mediocre finances etc. are the common ordeals of many dedicated social entrepreneurs. Ofcourse selfish, image builders etc. workers are not in this category. Salute to the incredible and arduous journey of these selfless and sincere વડા, बडा. His obituary will only say that he was a noble worker. Nothing else.

* * *

નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરૂ નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

રાયચંદ ધારશી ખીમજી શિયાલ (PS 668) ગામ – દલતુંગી	B-308, અશોક ટાવર, કુલુપવાડી રોડ, બોરીવલી (ઈસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૬૬ મો.: **098674 52048**
શ્રી વિનોદ ખેતસી દેવજી મોતા (PS 6128) ગામ – કુઆપધર	601, રચના સોલીટેર, ડૉ. આર. પી. રોડ, જ્ઞાન સરિતા સ્કૂલની પાસે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૮૦. ફોન : **022 2593 1111**
શ્રીમતિ મીના કિશોર લખમશી શાહ (PS 5474) ગામ – મોટી સિંધોડી	(લોડાયા) # 412, ૨ જે માળે, 8th મેન રોડ, કારમેલ સ્કૂલ પાસે, ભાવેશ્વર નગર, બેંગલોર KR ૫૬૦ ૦૭૯.

જીવનચક્ર

જન્મ

૧૯-૦૫-૨૦	ઘાટકોપર	ઝીષ્યા, ધૃમા જતન રાજેશ ખોના	જખૌ	પુત્રી
૧૧-૦૬-૨૦	U.S.A.	ભૂમિકા, ગૂંજન તિલેશ શિયાલ	જખૌ	પુત્રી
૧૫-૦૬-૨૦	કરાડ	દિઆ, દિપા પ્રજ્ઞેશ કુલીનકાંત નાગડા	લાલા	પુત્રી
૨૩-૦૬-૨૦	મલકાપૂર	દૈવિક, કાજલ કૃણાલ જયકાંત દંડ	લાલા	પુત્ર

સગપણ

૦૫-૦૭-૨૦	સૂરત	કેયૂર મનોજભાઈ ગોશર	ગોએરસમા	૨૫
	વડોદરા	સાક્ષી ભરતભાઈ નાગડા	નલીયા	૨૪

આંતરજ્ઞાતિ સગપણ

૦૨-૦૭-૨૦	મસ્જીદ બંદર	પ્રિતેશ પંકજભાઈ ચત્રભૂજ મોતા (પટેલ)	તેરા	૩૯
	ગીરગામ	માનસી ચંદ્રકાન્ત કાન્તીલાલ ખત્રી	લીંબડી	૩૬
૧૦-૦૭-૨૦	બોરીવલી	દર્શન અરૂણકુમારજી શાંતીલાલજી વોહરા	આશ્ટા	૨૮
	મુલુંડ	નિકીતા અશોક નરશી લાપસીયા	દલતુંગી	૨૮

આંતરજ્ઞાતિ લગ્ન

૨૮-૦૬-૨૦	ભોપાલ	અતૂલ સુરેન્દ્રકુમાર શર્મા	દિલ્હી	૨૮
	ભોપાલ	ગ્રીષ્મા મહેન્દ્ર વાલજી અરજણ મોતા	વાંકુ	૨૬
૨૯-૦૬-૨૦	ઈંદોર	મયંક સંતોષ ઝમક ઓરા	બારદાનગર	–
	ઈંદોર	લબ્ધી નરેશ ભવાનજી નાગડા	લાલા	૨૭

મરણ

૦૧-૦૭-૨૦	વિઠ્ઠલવાડી	દેવાંગ મનીષ નરશી રાયસી લોડાયા	બાયઠ	૨૧
૦૧-૦૭-૨૦	ડોંબીવલી	ખીમજી પ્રેમજી ટોકરશી મૈશેરી	જખૌ	૬૮
૦૨-૦૭-૨૦	કાંદીવલી	ઊમરશી રાયમલ કાનજી મોતા	વારાપધર	૭૮
૦૨-૦૭-૨૦	મલકાપૂર	પ્રવીણ નરશી જેઠાભાઈ દંડ	વરાડીયા	૭૦
૦૪-૦૭-૨૦	ડોંબીવલી	માંકબાઈ રાયચંદ ખીમજી ડાઘા	દલતુંગી	૯૦

મરણ

૦૭-૦૭-૨૦	પૂના	નવલબેન અમૃતલાલ રાવલ (વાલબાઈ લાલજી કાનજી દંડના પૂત્રી)		૭૮
૦૮-૦૭-૨૦	થાણા	ભૂવન શરદચંદ્ર લક્ષ્મીચંદ નાગડા	નલીયા	૪૯
૦૯-૦૭-૨૦	ગદગ	નરેન્દ્ર રતનશી લાલજી લુઠીયા	નાની ખાવડી	૭૯
૧૦-૦૭-૨૦	માટુંગા	ધર્મેન્દ્ર રતિલાલ કચરાભાઈ નાગડા	જખૌ	૭૮
૧૦-૦૭-૨૦	ભાંડૂપ	ભારતીબેન નવીન જીવરાજ લોડાયા (અજાણી)	કોઠારા	૬૪
૧૦-૦૭-૨૦	ભાંડૂપ	નવલબેન હિરાચંદ મૈશેરી (પીપરમીંટવાલા)	સાંધાણ	૭૪
૧૨-૦૭-૨૦	ઘાટકોપર	જીતેન્દ્ર રતિલાલ આણંદજી નાગડા	બાયઠ	૬૮
૧૩-૦૭-૨૦	સિકંદરાબાદ	લીલાવંતી જેઠાભાઈ માણેકજી ધરમશી	કોઠારા	૭૬
૧૫-૦૭-૨૦	ડોંબિવલી	ચંદ્રકાન્ત માણેકજી માડણ મોતા	નલીયા	૬૭

તુલસી ને ફૂલ આંગણાના હોય કે બગીચાના હોય, પણ.. પાણી તો બંનેને પાવું જ પડે, નહિ તો કરમાય-મુરઝાય ને મર જાય.

રોજ કરતા વહેલા ઓફિસેથી ઘરે આવેલા પતિને જોઈ પત્ની બોલી, ‘‘અરે વાહ ! તમે આજે વહેલા આવ્યા?’’ ને પત્નીએ પતિની બેગ લઇ લીધી. પતિ કહે, ‘‘છોકરા ક્યાં છે?’’ ‘‘બે’ય ભાઈ-બેન ઉપર જ છે.’’ ‘‘બંનેને બોલાવ.’’ ત્યાં તો, ‘‘પપ્પા આવી ગયા’’ બોલતા બે’ય નીચે આવ્યા.

બેટા! બેસો. આજે ઓફિસમાં એક અજબ ઘટના બની. આપણી ઓફિસના C.A. સાંજે ઓફિસે આવ્યા, ને મને બે ફુલ આપ્યા. ને કહ્યું, ‘‘સર, આજે અમારે ત્યાં પૂજા હતી. પ્રભુના ચરણે ચઢાવેલા ફુલોમાંથી આ બે ફુલો તમારે માટે લાવ્યો છું. સર, તમે આ ફુલ એને આપજો, જેની કાર્યશક્તિ તમને પ્રબળ લાગતી હોય. ને જેની પર તમને નાઝ હોય એને આપજો. આ પ્રભુના પુષ્પો છે.’’

બેટા! આ ફુલોને જોતા-જોતા હું એટલો વિચારે ચઢી જતો કે, ઓફિસના સ્ટાફે કહ્યું, ‘‘સર, આજે ઊંડા વિચારમાં ડૂબેલા લાગો છો.’’ બેટા, ઓફિસ એ લોકોને બંધ કરવા કહી, હું આજે વહેલો આવ્યો. એનું કારણ, આ ફુલો આવ્યા ત્યારથી, તમે ખૂબ યાદ આવવા લાગ્યા.

આખા રસ્તે ગાડીમાં’ય બસ તમારો જ વિચાર આવતો રહ્યો. આ ફુલો તમને આપવા જલ્દી ઓફિસથી આવી ગયો. બેટા! આમ તો ઓફિસના કામના હિસાબે હું તમારી પર પૂરતું લક્ષ્ય નથી આપી શકતો. તમારી જોડે બોલવાનું પણ ક્યારેક ઓછું-વત્તુ બને. તમારો સામાન વેરણ-છેરણ પડ્યો હોય, બુટ બરાબર ન મૂક્યા હોય, તો હું તમને લડુ છું, વઢુ છું. ગુસ્સે થાઉં છું.

પણ બેટા! આ ફુલ આવ્યા, ને મને વિચારો આવવા લાગ્યા, મારા જીવનનો સૌથી મોટો હિસ્સો તમે છો. બેટા! સાચું કહું, તમારી મમ્મી પછી આ દુનિયામાં સૌથી વધુ વ્હાલા તમે જ બે છો. મને તમારી શક્તિ પર ભરોસો છે. તમારી પર મને ગર્વ છે, નાઝ છે. બેટા! હું તમને ચાહું છું.

પછી.. હોઠ બંધ થયા, ને આંખ ચાલુ થઈ! યુવાન દીકરો ને દીકરી સ્તબ્ધ બની ગયા. દીકરા-દીકરી ધ્રુસકે-ધ્રુસકે રડવા માંડયા. દીકરો બોલ્યો, ‘‘પપ્પા! હું કેટલાય વખતથી આપઘાતના વિચારો કરતો હતો. કદાચ કાલે હું ન હોત. પપ્પા મને રોજ થતું તમને હું આવડત વગરનો લાગુ છું. મને કશું જ નથી આવડતું, એમ તમે માનો છો.’’

ત્યાં તો દીકરી બોલી, ‘‘પપ્પા! હું ઘણીવાર રડતી. મને લાગતું કે, તમને હું વધારાની છું. તમે મને ચાહતા જ નથી. પપ્પા! Sorry, I love you.’’ ને દીકરા-દીકરી ૧૨-૧૩ વર્ષ નાના બની જઈ પપ્પાને ભેટી પડયા. પત્ની બોલી,‘‘આજે મને લાગે છે, ઘરમાં મારું કોઈ છે. તમારૂં બોલેલું એ વાક્ય હવે પછીની મારી જિંદગીની બધી જ પળોને અમૃતમય બનાવી જશે.’’

આ લોકડાઉનનો સમય છે. જિંદગીના ૧૨ વર્ષ.. ૨૨ વર્ષ.. ૪૨ વર્ષમાં કે ૫૨ વર્ષમાં ભેગા નહિ રહ્યા હો, એટલો સમય કે એટલા બધા દિવસોથી ભેગા રહો છો! આ લોકડાઉનનો આભાર માનો કે એને ભાર માનો, પણ આ નાનકડી કથા ઘણી બધી મનની વ્યથાને હરી જશે. રે... એથી આગળ, જિંદગીને હળવી કરી જશે, હસતી કરી જશે!

થોડીક ભીતરની લાગણીને વ્યક્ત કરો. ઘરના આંગણાની તુલસી માટે કે ઘરના ક્યારાના ફુલ માટે, જો જો.. મોડા ન પડાય ને મોળા પણ ન પડાય!

યાદ રહે, દરેક ફેમિલીમાં સમસ્યા તો હોય જ છે, પણ તેઓ ખુશનસીબ છે, જેઓને Family હોય છે!

સંકલન - **કુમાર દંડ**

FAMILY : F = Father • A = and • M = Mother • I = I • L = Love • Y = You

CDO Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Date of Publication every month 5th & 20th
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2018-20
Posting : 8/9 & 23/24 of Every Month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

સખીવૃંદ પુણે

ખોરાકને તમારી પ્રથમ દવા, અને રસોડાને તમારી પ્રથમ ફાર્મસી (ઔષધ-નિર્માણ શાળા) બનાવો સૌ સખીઓને શારિરીક રીતે સબળ બનાવવા અને પરંપારિક આયુર્વેદશાસ્ત્રને વધુ જાણવાના હેતુથી ભાવનાબેન નરેન્દ્ર શિયાલએ ૪ જુલાઈ, ૨૦૨૦ના ઓનલાઇન મિટિંગનું આયોજન કરતા ડૉ. રૂપલ હિરેન મોમાયાને આમંત્રિત કર્યા, જેઓ ૧૫ વર્ષ થી આયુર્વેદના જનરલ સર્જન છે.

આરોગ્ય સંપત્તિ છે અને આ ખજાનાને સુરક્ષિત રાખવા ડૉ. રૂપલબેન મોમાયાએ હાલમાં થતાં કોરોનાથી બચવા, રોગ પ્રતિકારક શક્તિ વધારવાના ઉપાય બતાવ્યા.

ડૉ. રૂપલબેને સખીઓના દરેક વય-વર્ગ પ્રમાણે થતાં રોગ અને તકલીફનું વિભાજન કર્યું હતું. મહિલાઓમાં થતી વિવિધ સમસ્યા જેવીકે માસિક રોગ, સ્થૂળતા, તણાવ, ઓસટ્રોપોરોસિસ, થાઈરોઈડ ડાયાબિટીસ, સ્કીન અને હેર કેર, ડિપ્રેસ્ન જેવી અનેક બીમારોઓના આયુર્વેદિક અને ઘરેલુ ઉપચારની વિસ્તૃત માહિતી પીપીટી દ્વારા આપી. તે સાથે જ પંચકર્મ, લીચ થેરેપીના ફાયદા પણ જણાવ્યા. ડૉ. રૂપલબેન મોમાયાએ વિષયનું ખૂબ ઉંડાણ પૂર્વક જ્ઞાન આપ્યું.

સૌ સખીઓએ રૂપલબેનનો વિસ્તારપૂર્વક અને માહિતીપ્રદ જ્ઞાન આપવા બદલ અને ભાવનાબેનનો મિટિંગનું આયોજન કરાવવા બદલ આભાર માન્યો. લેખા માલદેએ સૌનો આભાર વ્યક્ત કર્યો.

Monsoon Cooking with Daizy Lodaya by NNN

નલીનપુર નારી નિગમ એ કચ્છ નલીયા ગામની વહુદીકરીઓનું મહીલા મંચ છે. મંચ સમયે સમયે વિવિધ કાર્યક્રમો યોજી ગામની માનુનીઓ વચ્ચે આત્મીયતા બનાવી રાખે છે. કોરોના મહામારીના લોકડાઉનના કારણે હમણાં ઘણાં સમયથી કાર્યક્રમ યોજવાનું શક્ય બનતું ન હતું. છતા મંચના પદાધિકારીઓએ હાર ન માનતા તા. ૫-૭-૨૦૨૦ના online Zoom Meeting Organise કરી. "Monsoon Cooking with Daizy Lodaya" નામે કાર્યક્રમ આયોજીત કર્યો. મંડળના પદાધિકારી હીના મનોજ લોડાયાના યુવાન પુત્રી ડેઇઝી લોડાયા એ ચોમાસામાં માણી શકાય એવી અવનવી વાનગીઓ બનાવીને બતાવી. આ લોકડાઉનની સમયમાં Fancy, Variety, Cooking આપણા ઘરમાં હાજર માલ મસાલા સાથે પણ બનાવી શકાય છે એ સાબિત કર્યું. ચિ. ડેઇઝીએ ખૂબ સરળ રીતે બધી ઉમરના લોકોને સમજાય એવી રીતે બનાવી. ખાવી અને માણવી ગમે એવી વાનગીઓ શીખવાડી.

આટલી નાની વયે જ્યારે યુવતીઓ રસોઇ કામથી દૂર ભાગતી હોય છે. ત્યારે ડેઇઝીની કુકીંગ વીશેની સમજ, લગન અને ધગશ બધાને દંગ કરી ગઇ. Viewers ના બધા સવાલો, શંકાઓનું વ્યવસ્થિત સંતોષકારક સમાધાન કર્યું. એટલે સુધી કે હૉટેલ સ્ટાઇલ Honey Chilly Potato જેમાં મુખ્ય ઘટક બટાટા - નોન જૈન છે. એ વાનગી પણ જૈન કેમ બનાવવી એ પણ એણે સમજાવ્યું. નલીયાની વહુદીકરીઓ જે સભ્ય ન હોય એ સભ્ય બની શકે છે.

સંપર્ક : હીના લોડાયા - 98203 18345 વીણા નાગડા - 99676 66380

Printed, Published & Edited by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N.M. Joshi Marg, Lower Parel, Mumbai - 400 013. and Published from 13A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Fort, Mumbai - 400 001.